| ૧૪ | આચાર્યશ્રી, સહજાનંદ વાણિજય મહાવિદ્યાલય આંબવાડી, અમદાવાદ | ૨૧૨૮.૦૦ | " |
| ૧૫ | આચાર્યશ્રી એસ.બી.કોમર્સ કોલેજ, અમદાવાદ | ૧૯૬૫.૦૦ | " |
| ૧૬ | આચાર્યશ્રી, જે.બી.ઠાકર કોમર્સ કોલેજ, ભુજ | ૫૦૨૧૦.૦૦ | " |
| ૧૭ | આચાર્યશ્રી, સરકાર કોમર્સ કોલેજ સેકટર–૨૦ ગાંધીનગર | ૬૭૯૦૦.૦૦ | " |
| ૧૮ | આચાર્યશ્રી શ્રીમતી ડી.જે.શાહ પરિવાર સાયન્સ કોલેજ, ધોળકા | ૪૬૬૪૬.૦૦ | " |
| ૧૯ | આચાર્યશ્રી, પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ, | ૬૩૮૫૯.૦૦ | " |

| | | | |
|---|---|---|---|
| | કપડવંજ | | |
| ૨૦ | આચાર્યશ્રી, ડી.વી.ભગત સાન્યસ કલેજ પીપલીયા, વડોદરા | ૪૫૧૦.૦૦ | " |
| ૨૧ | આચાર્યશ્રી ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ, અમદાવાદ | ૩૭૮૦.૦૦ | " |
| ૨૨ | આચાર્યશ્રી કે.એમ.શાહ ડેન્ટલ કોલેજ, પીપલીયા, વડોદરા | ૧૪૩૫૪૮.૦૦ | " |
| ૨૩ | આચાર્યશ્રી પ્રકાશ કોલેજ ઓફ એજયુ. સોલારોડ, | ૨૮૭૯.૦૦ | " |
| ૨૪ | આચાર્યશ્રી એમ.એન.શુકલ અજયુ. કોલેજ, થલતેજ | ૪૨૩.૦૦ | " |
| ૨૫ | આચાર્યશ્રી શ્રીમતી એમ.એનકે. દલાલ એજયુ. કોલેજ ફોર વીમેન એલીબ્રીજ, | ૩૯૦૦.૦૦ | " |
| ૨૬ | આચાર્યશ્રી વૈદ્યશ્રી એમ.એમ.પટેલ કોલેજ ઓફ અજયુ. ગુલબાઈ ટેકરા, | ૩૧૮૩૬.૦૦ | " |
| ૨૭ | આચાર્યશ્રી શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજયુ. ખંભાત | ૧૮૩૬.૩૦ | " |
| ૨૮ | આચાર્યશ્રી શ્રીમતી એસ.ડી.ફોડીયા કોલેજ ઓફ એજયુ. મુદ્રા, કચ્છ. | ૪૬૩.૦૦ | " |
| ૨૯ | આચાર્યશ્રી સર્વ વિદ્યાલય એજયુ. સોસા. સેકટર-૨૭, ગાંધીનગર | ૩૯૨૦.૦૦ | " |
| ૩૦ | આચાર્યશ્રી ગવર્નમેન્ટ એન્જી. કોલેજ | ૧૯૯૮૦.૦૦ | " |

| | | | |
|---|---|---|---|
| | સેકટર–૧૧ ગાંધીનગર. | | |
| ૩૧ | આચાર્યશ્રી બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૯૦૦.૦૦ | " |
| ૩૨ | આચાર્યશ્રી તોલાણી ઈન્સ્ટી. ઓફ કોમર્સ, આદીપુર, કચ્છ. | ૧૫૧૦.૦૦ | " |
| ૩૩ | આચાર્યશ્રી એમ.એન.કોલેજ ઓફ ફાર્મસી, ખંભાત | ૫૬૦૯૨.૦૦ | " |
| ૩૪ | આચાર્યશ્રી ડીગ્રી કોલેજ ઓફ ફિઝીકસ એજયુ. મહેમદાવાદ | ૫૭૦૬.૦૦ | " |
| ૩૫ | આચાર્યશ્રી એન.આર. ઈન્સ્ટી. ઓફ બીઝનીશ એડ. લો ગાર્ડન, અમદાવાદ | ૭૭૨૦.૦૦ | " |
| ૩૬ | આચાર્યશ્રી એમ.એલ. ઈન્સ્ટી. ઓફ બીઝ. એડી. | ૩૦૬૧૬.૦૦ | " |
| ૩૭ | આચાર્યશ્રી જી.એલ.એસ. ઈન્સ્ટી. ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, લાલદરવાજા, | ૫૮૬૩.૦૦ | " |
| ૩૮ | આચાર્યશ્રી જી.એલ.એસ. ઈન્સ્ટી. ઓફ કોમ્પ્યુ. એજયુ., અમદાવાદ | ૨૨૭૬.૦૦ | " |
| ૩૯ | આચાર્યશ્રી સોમલલિત ઈન્સ્ટી. ઓફ કમ્પ્યુ. એપ્લી. અમદાવાદ | ૨૯૭૦૨.૫૯ | " |
| | | ૮૯૩૭૦૪.૩૯ | |
| ૪૦ | આચાર્યશ્રી પી.ટી.આર્ટસ કોમર્સ કોલેજ, અમદાવાદ | ૧૩૫૦૦.૦૦ | એન.એસ.એસ. એડવાન્સ |

| | | | |
|---|---|---|---|
| ૪૧ | આચાર્યશ્રી એસ.વી.કોમર્સ કોલેજ, અમદાવાદ | ૪૪૨૦૦.૦૦ | " |
| ૪૨ | આચાર્યશ્રી સહજાનંદ વાણિજય વિદ્યાલય | ૧૫૦૦૦.૦૦ | " |
| ૪૩ | આચાર્યશ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સાવલી | ૧૩૫૦૦.૦૦ | " |
| ૪૪ | આચાર્યશ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા | ૩૫૦૦.૦૦ | " |
| ૪૫ | આચાર્યશ્રી નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ | ૧૭૪૦૦.૦૦ | " |
| ૪૬ | આચાર્યશ્રી સહજાનંદ આર્ટસ કોમર્સ કોલેજ, અમદાવાદ | ૧૩૫૦૦.૦૦ | " |
| ૪૭ | આચાર્યશ્રી ડી.ડી. ઈન્સ્ટી. ઓફ ટેકનો. નડીયાદ | ૧૩૫૦૦.૦૦ | " |
| | | ૧૩૪૧૦૦.૦૦ | |
| | | ૧૦૨૭૮૦૪.૩૯ | |

ફકરા નં.૭

સંસ્થાની આવક તથા ખર્ચના હિસાબો સંબંધીરચનાત્મક સુચન કરવા બાબત

૭.૧. યુનીવર્સીટીએ ઓર્ડીનન્સ નં. ૧૫૯ અન્વયે યુનીવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થી દીઠ દરેક સત્રના રૂા.૧.૦૦ લેખે સ્પોર્ટસ ફી વસુલાત કરી આ એકત્રીત ભંડોળનો ઉપયોગ યુનીવર્સીટી તરફથી યોજવામાં આવતી રમત ગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે કરાવાનો રહે છે. આ યોજનાનો અમલ સને ૧૯૮૫–૮૬ ના શૈક્ષણીક વર્ષથી કરવામાં આવેલ ત્યારથી ઓડીટ વર્ષ દરમ્યાન દર વર્ષે સ્પોર્ટસ ફી વસુલ કરવામાં આવે છે. આ ઓડીટ વર્ષ દરમ્યાન યુનીવર્સીટીએ રૂા.૨૮,૦૭,૦૯૬/– એકાઉન્ટ કોડ નં. ૭૮૦૨૦૩૬ સદરહે જમા થયેલ છે. પરંતુ વર્ષ દરમ્યાન આ એકાઉન્ટ કોડ હેઠળ સ્પોર્ટને લગતી કોઈ પ્રવૃત્તિનો ખર્ચ કરવામાં આવેલ નથી. જેથી આ પ્રવૃત્તિનો હેતુ સરતો નથી. અને આવક બીન ઉપયોગી જમા થાય છે. જે યોગ્ય નથી. આ બાબતે વર્ષો વર્ષ ઓડીટ અહેવાલમાં સુચન કરવામાં આવેલ છે. તેમછતાં કોઈ પ્રવૃતિ કરવામાં આવતી નથી. આ આવકનો જે તે હેતુ માટે ઉપયોગ કરવાના પ્રયત્નો સત્વરે હાથ ધરવા તેવી ઓડીટ સુચન છે.

૭.૨. વર્ષ દરમ્યાન યુનીવર્સીટી મુદ્દણાલયમાં નાનાંમોટાં મળી કુલ ૧૧૦૦ મુદ્દણ કામ સ્વીકારવામાં આવેલ હતાં. આ મુદ્દણકામો પૈકી જુદી જુદી વિદ્યાશાખાઓની મતદારયાદીઓ, યુનીવર્સીટી કોર્ટ, તથા એકઝીકયુટીવ કાઉન્સીલ તથા એકેડેમીક કાઉન્સીલ તથા વિવિધ બોર્ડની સભાઓની કામકાજની યાદીઓ તથા તેની કાર્યવાહી નોંધ, હિસાબપત્રક,અંદાજપત્રક, યુનીવર્સીટી કાર્યાલયની તથા યુનીવર્સીટી અનુસ્નાતક વિદ્યાભવનો માટેની મુદ્દણસામગ્રી, જુદી જુદી પરીક્ષાઓનાં આવેદનપત્રો,એકસ્ટર્નલ પરીક્ષાના પ્રોસ્પેકટસ તથા પ્રશ્નપત્રો, યુનીવર્સીટીની સ્ટેશનરી, કવરો, વિવિધ વિદ્યાશાખાની વર્કબુકો, સને ૨૦૦૩–૦૪ ના વર્ષની ડાયરી, તેમજ આજ વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલનું છાપકામ કરવામાં આવેલ હતું.

હિસાબોની ચકાસણી કરતાં માલુમ પડેલ છે કે ઓડીટ વર્ષ દરમ્યાન મુદ્રણાલયની કુલ આવક રૂા. ૨,૮૩,૫૯૭ તેમજ ખર્ચ રૂા.૫૫,૮૩,૫૮૦ થયેલ હતો. આમ વર્ષ દરમ્યાન ૫૨,૯૯,૯૮૩ ની ખાધ રહેવા પામી હતી.યુનીવર્સીટી મુદ્રણાલયના છેલ્લા પાંચ નાણાકીય વર્ષ દરમ્યાન આવક અને ખર્ચની વિગતો ચકાસતા આવકના નજીવા વધારા સામે ખર્ચમાં સતત વધારો થતાં પ્રતિવર્ષ ખોટની રકમમાં વધારો નોધાયેલ છે.

આ મુદ્રણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલીત ધોરણે એટલે નહી નફો નહી નુકશાનના ધોરણે કરવામાં આવેલ હોવાછતાં તેનો મુખ્ય હેતુ જળવાઈ રહેવા પામેલ નથી. યુનીવર્સીટીનો આ વિભાગ વ્યવસાયીક વિભાગ છે અને તે પોતાની આવક પર નિર્ભર રહે તે યુનીવર્સીટીના હીતમાં ગણાય. આ પ્રેસમાં કરવામાં આવતા કામો માટે તા. ૧૧/૭/૭૯ ની નાણાં સમીતીએ અને તા.૨૪/૬/૭૯ ની એક્ઝીક્યુટીવ કાઉન્સીલે મંજુર કરેલ ભાવો (દર) પ્રમાણે કરવામાં આવે છે. જે બજાર ભાવ કરતાં ઘણા ઓછા જણાય છે. તો આવા દરોમાં જરૂરી વધારો કરી શાખાની કુલ આવકમાં વધારો થાય અને પરીણામે ખાદ્ય ક્રમશઃ ઘટે તેવા પ્રત્રયત્નો કરવા ઓડીટનું સુચન છે.

૭.૩ ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના વાર્ષિક હિસાબોનું અન્વેષણ હાથ ધરતા ખર્ચના વાઉચરોની ચકાસણી દરમ્યાન ધ્યાને આવેલ છે કે સંસ્થા ધ્વારા ડીપોઝીટની અસલ પહોંચ મેળવ્યા વગર રકમ પરત કરવામાં આવેલ છે.

મુંબઈ તિજોરી નિયમ ૧૯૬૦ નાનિયમ ૫૬૧ થી ૫૭૦ માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે જયારે કોઈ વ્યકિત કે સંસ્થા ટેન્ડર અથવા કરારના કારણે કે અનામત પેટે ઈ.એમ.ડી. તરીકે સંસ્થામાં રકમ જમા કરાવે ત્યારે તેટલી રકમની પહોંચ ( પાવતી ) અથવા ચલણ આપવામાં આવે છે. અને કરારની કે ટેન્ડરની શરતો મુજબ રકમ પરત કરવાની

થાય ત્યારે અસલ પહોંચ મેળવી તેના પર રકમ પરત કર્યાની તારીખ અને કેન્સલનો શેરો મારી રદ કરવાની થતી હોય છે. જેથી ફરી ફરીને ભવિષ્યમાં પાર્ટી ધ્વારા કે બેદરકારીથી તે રકમનું પુનઃ ચુકવણુ ન થાય. આમ સંસ્થાએ આવી ડીપોઝીટની રકમ પરત કરતાં પૂર્વે સરકારશ્રી ધ્વારા નિયત થયેલ પધ્ધતિ મુજબની કાર્યવાહી કરવા ઓડીટનું સુચન છે.

૭.૪ ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના રજુ કરેલ દફતરમાં વાઉચરોની ચકાસણી દરમ્યાન ચા–કોફી–બિસ્કિટ જેવા હળવા નાસ્તા પેટે જુદા–જુદા બે કોડ હેઠળ ખર્ચ કરવામાં આવે છે.

બંને ખર્ચ આતિથ્ય ખર્ચ તરીકે ગણાવી શકાય. આ પ્રકારના ખર્ચ પેટે વર્ષ દરમ્યાન કુલ રૂા. ૫૧૮૫૦૯/– નો ખર્ચ કરવામાં આવ્યો હતો. આવા ખર્ચ માટે કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોઈ મીટીંગ/ સભ્ય સંખ્યા આધારીત ખર્ચની ખાત્રી થઈ શકતી નથી.

સામાન્ય રીતે સરકારશ્રીના નિયમો મુજબ ખર્ચ કરવાની મર્યાદા સત્તા સોંપણીના નિયમોના પ્રવર્તમાન ઠરાવ ક્રમાંકઃએસ.એસ.પી./૧૯૯૮/૩૧૬/ઝ તા.૬/૬/૯૮ માં કરેલ જોગવાઈ મુજબ વિવિધ સ્તરના અધિકારીઓ માટે આવા પ્રકારના ખર્ચ માટેની મર્યાદા નકકી કરવામાં આવી છે. એ જ પ્રકારે સંસ્થાના પદાધિકારીઓ/અધિકારીઓ માટે આ પ્રકારના ખર્ચની મર્યાદા નકકી થાય અને તે જળવાય તે માટે કુલપતિશ્રીનું ધ્યાન દોરવામાં આવે છેજેથી ખર્ચ રૂા.૫,૧૮,૫૦૯/– વાંધા હેઠળ રાખવામાં આવે છે.

૭.૫. ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના અન્વેષણ દરમ્યાન બોયઝ હોસ્ટેલના રેકર્ડની ચકાસણી કરતા બોઈઝ હોસ્ટેલની ડી બ્લોકની રૂમ નં. ૨૭ માંથી પંખો નંગ ૧ ચોરાયાનું રેકર્ડની ચકાસણી દરમ્યાન ધ્યાન પર આવેલ હતુ. આ બાબતે

સસ્થાને થયેલ નાણાંકીય નુકશાન વસુલ કરવા સંબંધે યોગ્ય કાર્યવાહી કરવા તથા ચોરીના આવા બનાવો ભવિષ્યમાં ન પામે તે માટે પુરતા પ્રયત્નો કરવા ઓડીટનું સુચન છે.

૭.૬. ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના ઓડીટ દરમ્યાન ખર્ચના વાઉચરો તેમજ ભવનોની પેટીકેશની ચકાસણી કરતા ધ્યાને આવેલ છે કે સંસ્થામાં તેમજ તેનાં વિભાગોમાં ઝેરોક્ષ મશીનો પોતાની માલીકીના હોવા છતાં ખાનગી સંસ્થા પાસે વર્ષ દરમ્યાન રૂા. ૨૦૫૪૬૦/–નું ઝેરોક્ષ કામ કરાવેલ છે. જે માટે યુનીવર્સીટીએ સંસ્થા નકકી કરવા સારુ નિયત કાર્યપધ્ધતિ અપનાવેલ હોય તેવું ઓડીટને ધ્યાને લવાયેલ નથી.તો યુનીવર્સિટીને પોતાના માલિકીના મશીનોનો મહતમ ઉપયોગ કરવા તેમજ ખાનગી સંસ્થા પાસેથી ઝેરોક્ષ કરાવવાના પ્રસંગે નિયત કાર્યપધ્ધતિ અનુસરી ભાવ કરાર કરવા ઓડીટનું સુચન છે જેથી ખર્ચ રૂા.૨,૦૫,૪૬૦/– વાંધા હેઠળ રાખવામાં આવે છે.

૭.૭ ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદને સને ૨૦૦૩–૦૪ ના વર્ષના અન્વેષણ દરમ્યાન મહિલા છાત્રાલયના રજુ કરેલ દફતરની ચકાસણી કરતા ડેડસ્ટોક રજીસ્ટરમાં દરેક વસ્તુ માટે એક જ નોંધ કરવામાં આવે છે. મું.આ.ખર્ચના નિયમો ૧૯૫૯ ના નિયમ ૧૫૧ મુજબ સક્ષમ અધિકારીએ માહે જુન માસમાં ડેડસ્ટોકની ભૌતીક ચકાસણી કરી તે મતલબનું પ્રમાણપત્ર પોતાની સહીથી આપવાની જોગવાઈ છે. પરંતુ દર વર્ષે ડેડસ્ટોકની સીલકની ભૌતીક ચકાસણી સક્ષમ અધિકારી ધ્વારા કરવામાં આવતી નથી.ડેડસ્ટોક રજીસ્ટરમાં કેટલીક વસ્તુઓ બિનઉપયોગી તરીકે ભંગાર હાલતમાં દર્શાવેલ છે તે માટે સક્ષમ અધિકારીના હુકમો મેળવી નિયમનુસાર નિકાલની કાર્યવાહી કરી રજીસ્ટરેથી રદ કરી ઓડીટને ખાત્રી કરાવવી.ડેડસ્ટોક રજીસ્ટરમાં કુલ સ્ટોક કરતાં હવાલામાં મળેલ સ્ટોક ઓછો હોવાની અગાઉની ઓડીટ નોંધ સને

૯૭–૯૮ ના વાંધા નં. ૩ થી જણાવેલ હોવા છતાં કોઈ પુર્તતા કરવામાં આવેલ નથી. તો તેની સ્પષ્ટતા કરવી.

પ્રા.વાં. નં.૬૪ તા.૧૦/૬/૦૪ નો જવાબ, પુર્ણ જવાબ ન હોઈ, આ ફકરાને ચાલુ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા.૭,૨૩,૯૬૯/–

<u>ફકરા નં.૮</u>

ગુજરાત યુનિવર્સીટી ધ્વારા કરવામાં આવેલ રોકાણોના હિસાબોમાં જણાયેલ અનિયિમિતતા અંગે

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ધ્વારા ગુજરાત યુનિવર્સીટી, એક્ટ ૧૯૪૯ના કલમ ૪૮ ની જોગવાઈ મુજબ યુનિવર્સીટી, ફંડનું રોકાણ કરવાનું રહે છે. સને ૨૦૦૩-૦૪ ના ઓડીટ ધ્વારા રોકાણકારોના રજીસ્ટર – વાર્ષિક હિસાબો તેમજ લેજરોની સાથે ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

૮.૧. યુનીવર્સીટીની ખાતાવહીમાં કોડ નં. ૯૪૦૬૦૦૧ થી ૯૪૦૬૦૧૯ હેઠળ રૂા.૩૨,૨૪,૯૪,૨૪૧.૮૨ માંથી રૂા.૨૯,૯૯,૬૩૬ બાદ કરી રૂા.૩૧,૯૪,૯૪,૬૦૫.૮૨ ની સિલક ડી.બી. તરીકે દર્શાવેલ છે. જયારે વાર્ષિક હિસાબોમાં ટુંકી મુદતની ડીપોઝીટો રૂા.૩૦,૬૩,૩૨,૫૦૬.૯૯ દર્શાવી છે આમ, ૧,૩૧,૬૦,૦૯૮.૮૩ ના નો વાર્ષિક હિસાબો અને લેજરોમાં તફાવત જણાય છે. તો આવી મોટી રકમના તફાવત કયા કારણોસર આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે જો કે આપે જે તે સમયે મેળવણુ કરેલ જણાતુ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

૮.૨ યુનીવર્સીટી ધ્વારા મોટી રકમોનુ રોકાણ કરવામાં આવે છે પરંતુ રજીસ્ટરોમાં જે તે બેંક વાઈઝ તેમજ માસ/ વર્ષવાર તારીજ કાઢેલ નથી માસવાર/વાર્ષિક સિલકો પણ કાઢેલ નથી. જેથી લેજરો તેમજ વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ રકમ જેટલા જ રોકાણો, રોકાણ રજીસ્ટરે નોંધ્યાની ખાત્રી થઈ શકતી નથી. રોકાણ રજીસ્ટર મુજબીન રસીદો ઓડીટરની ચકાસણી અર્થે રજુ કરવામાં આવેલ નથી તો આગામી ઓડીટે ખાત્રી કરાવવી ઘટે.

૮.૩ આવા રોકાણ રજીસ્ટરમાં પ્રત્યેક રોકાણની નોંધ સક્ષમ અધિકારીની સહીથી પ્રમાણીત થવી જોઈએ. પરંતુ આવી કોઈપણ નોંધ પ્રમાણીત થયેલ નથી.

૮.૪ યુનીવર્સીટી ખાતે રોકાણોના ૪ રજીસ્ટરો નિભાવે છે પરંતુ સંસ્થાના સહી સીકકા રજીસ્ટરે ચડાવ્યા સિવાય ઉપયોગમાં લીધેલ છે તેમજ છેલ્લા પાને કોઈ પણ જાતનું પ્રમાપણત્ર આપેલ નથી .

૮.૫ રોકાણો અને ટુંકી મુદતની થાપણો ભૌતીક રીતે સક્ષમ અધિકારીશ્રી અથવા સંસ્થાના વડાના કબજામાં સેઈફ કસ્ટડીમાં રાખવી જોઈએ. તેના બદલે વર્ગ–૩ ના કર્મચારી પાસે (કેશીયર) રાખવામાં આવે છે . જે ઉચિત નથી.ઉકત રોકાણો કેશીયર પાસે રાખેલ હોઈ છે તેની પાસે નિયમોનુસાર જામીનખત મેળવી ઓડીટને ખાત્રી કરાવવાની રહે.

૮.૬ રોકાણો પરના વ્યાજ અંગે " ઈન્ટરેસ્ટ ડ્યુ રજીસ્ટર " નિભાવેલ નથી જેમાં વર્ષ દરમ્યાન કેટલુ વ્યાજ જમા લેવામાં આવેલ અને કેટલુ વ્યાજ મેળવવાનું બાકીમાં છે તે અંગેની ચકાસણી કરી રજીસ્ટર તૈયાર કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે તથા આવું વ્યાજ નિયમિતપણે કેશબુકમાં નોંધાવવું જોઈએ.

૮.૭ સંસ્થાએ લેજર કોડ નં.૯૪૦૬૦૦૯ માં અમદાવાદ સેન્ટ્રલ કો.ઓ.બેન્કમાં રૂા.૨૯,૯૯,૬૩૬.૦૦ જમા રકમ દર્શાવેલ છે. સામાન્ય રીતે રોકાણો ડી.બી. તરીકે હોવા જોઈએ. આ રકમ જમા રકમ તરીકે દર્શાવવા અંગે તેમજ આ રકમ અમદાવાદ સેન્ટ્રલ કો.ઓ.બેન્ક પાસેથી લેવાની થાય છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવી ઘટે.

૮.૮ જનરલ ફંડમાંથી રોકાણ નં.૫૨૮૫૩૭ તા. ૧૩/૭/૦૬ રૂા.૫,૦૦,૦૦૦/– તેમજ ટોકન નં.૫૨૮૫૩૮ તા.૧૩/૭/૦૬ રૂા.૩,૦૦,૦૦૦/– કુલ ૮,૦૦,૦૦૦/– ની રસીદો એન.સી.ટી.એ. ભોપાલને મોકલવા માટે પ્રો. મુળીયા સાહેબને આપેલ પણ આ રસીદો ભોપાલને મળ્યા અંગેનો આધાર ઓડીટમાં રજુ થયેલ નથી જેથી જે તે સંસ્થા ને મળવા અંગે ઓડીટ ને ખાત્રી નથી. એટલુ જ નહીં પણ યુનીવર્સીટીએ કયા પત્ર નં. તારીખથી મોકલેલ છે તેનો પણ કોઈ આધાર રજુ થયેલ નથી તો આ અંગે ડીપોઝીટ મળ્યા અંગેની પહોંચ મેળવીને ઓડીમા રજુ કરવી ઘટે તેમજ નિયમોનુંસાર કાર્યવાહી ન કરવા માટે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

ફકરા નં.૯

બાંધી મુદતની થાપણો નિયત સમયમર્યાદા પહેલાં કાચી મુદતે વટાવવા બાબત :

ગુજરાત યુનીવર્સીટી ધ્વારા પોતાની પાસે રહેલી વધારાની રકમો ફીકસ ડીપોઝીટ તરીકે મુકવામાં આવે છે. આવી ફીકસ ડીપોઝીટો ઉપર બેંક ધ્વારા નિયત દરે વ્યાજ આપવામાં આવે છે. પરંતુ જો આવી ડીપોઝીટો પાકતી મુદત પહેલાં વટાવવામાં આવે તો તે ડીપોઝીટો ઉપર નકકી થયેલ વ્યાજ કરતાં ઓછા દરે વ્યાજ આપવામાં આવે છે વળી તેની ઉપર વહીવટી ખર્ચ પેટે અમુક રકમ કાપવામાં આવે છે. આમ સંસ્થાને બમણું નુકશાન થાય છે. સને ૦૩–૦૪ ના વર્ષ દરમ્યાન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં :

૯.૧ રસીદ નં. ૫૯૫૪૨૦ તા. ૨૪/૧/૦૩ થી રૂા.૬૦,૩૬,૬૮૪/– એક વર્ષ માટે મુકેલ જેની ઉપર પાકતી તારીખ ૨૪–૧–૦૪ ના રોજ રૂા.૬૩,૯૧,૩૨૯/– ની રકમ મળવા પાત્ર હતી. પરંતુ આ ડીપોઝીટ પાકતી મુદત પહેલાં વટાવતાં રૂા.૬૧,૩૩,૮૮૧/– મળેલ હતા. આમ સદરહુ ફીકસ ડીપોઝીટ પાકતી મુદત પહેલો વટાવતાં સંસ્થાને રૂા.૨,૫૩,૪૪૮/– વ્યાજનું નુકસાન થયેલ હતુ.

૯.૨ રસીદ નં. ૫૭૭૩૬૮ તા. ૧૨/૧/૦૩ થી રૂા.૮૧૪૮૯૬૨/– છ માસ માટે મુકેલ જેની ઉપર પાકતી તારીખ ૧૨–૭–૦૩ ના રોજ રૂા.૮૩૭૪૫૯૯/– ની રકમ મળવા પાત્ર હતી. પરંતુ આ ડીપોઝીટ પાકતી મુદત પહેલાં વટાવતાં રૂા.૮૩૧૯૦૬૬/– મળેલ હતા. આમ સદરહુ ફીકસ ડીપોઝીટ પાકતી મુદત પહેલાં વટાવતાં સંસ્થાને રૂા.૫૫૫૩૩ /– વ્યાજનું નુકસાન થયેલ હતુ.

૯.૩ રસીદ નં. ૫૭૮૫૪૬ રૂ.૫૦,૦૦,૦૦૦/– તેમજ રસીદ નં.૫૭૮૫૪૭ રૂ.૫૦,૦૦,૦૦૦/– મળીને કુલ રૂ. ૧.૦૦ કરોડનું રોકાણ તા.૨૦/૩/૨૦૦૩ થી એક માસ માટે કરેલ પણ આ રસીદ ૧૫ દિવસ વહેલી વટાવેલ છે તેમજ આ બંનેમાં પાકતી તારીખે વ્યાજ સાથે કેટલી રકમ પરત મળવાની હતી તે રકમ ન દર્શાવવા બદલ સ્પષ્ટતા કરવી ઘટે. આ બંને રસીદો ૪.૨૫% લેખે મુકેલ હતી. જે મુજબ ગણતરી કરતાં રૂ. ૧ કરોડ નું ૪.૨૫ % લેખે એક માસનું વ્યાજ રૂ.૩૫,૪૧૬/– મળવાપાત્ર થાય. તેટલી રકમ પુરતું વ્યાજનું નુકશાન થયેલ છે.આમ ઉપર ૧ થી ૩ ક્રમમાં જણાવ્યા મુજબ સંસ્થાને રૂ.૩,૪૪,૩૯૭/– વ્યાજમાં નુકશાન માટે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.વધુમાં સંસ્થાને પા.તાં. નં. ૧૧ થી આવી તમામ વિગતો પુરી પાડવા જણાવેલ હતું. સંસ્થાએ જવાબ કરેલ નથી જેથી વ્યાજમાં થયેલ નુકશાન જવાબદારીથી વસુલ કરવાનું રહે છે.

વસુલાત રૂ.૩,૪૪,૩૯૭/-

ફકરા નં.૧૦

આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર માટે ખર્ચ કરવા બાબતઃ

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબો, કેશબુક, લેજર અને ગ્રાન્ટ રજીસ્ટર પરથી મેળવેલ માહીતી અન્વયે નીચે જણાવેલ વિગતે ખર્ચની પરીસ્થીતી રહેલ હતી.

| | |
|---|---|
| તા.૧/૪/૨૦૦૩ ની ઉઘડતી સિલક | (–)રૂા ૨૫,૫૫,૬૬૪ |
| વર્ષ દરમ્યાન ખર્ચ | રૂા ૩,૪૬,૫૧૭ |
| બંધ સિલક | (–) રૂા ૨૯,૦૨,૧૮૧ |

આઈ.એ.એસ. તાલીમ સેન્ટર ખાતે ઉપલબ્ધ રેકર્ડની વિગતો જોતા ડાયરેકટર સહિત ૫ અધિકારી/કર્મચારીની જગ્યા મંજુર કરવામાં આવેલ છે. આ સંસ્થાને તા.૧/૪/૧૯૯૯ થી કોઈ ગ્રાન્ટ મળેલ ન હોવા છતાં પગાર ભથ્થાનો ખર્ચ કરવામાં આવેલ હતો. વાર્ષિક વહીવટી અહેવાલની ચકાસતી કરતાં ઓડીટ વર્ષમાં ઉકત તાલીમ વર્ગ ધ્વારા એક પણ વિદ્યાર્થીને તાલીમ અપાઈ હોય તેમ જણાતું નથી. આમ જે હેતુ માટે સંસ્થા શરૂ કરવામાં આવી હતી તે હેતુ પરીપુર્ણ થતો નથી. જે બાબતે જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

વાંધા હેઠળ રૂા.૩,૪૬,૫૧૭/–

ફકરા નં.૧૧

ઉપલક (સસ્પેન્સ) સદર ખાતે મોટી રકમ સરભર થયા વિના પડી રહેવા બાબતઃ

ગુજરાત યુનિવર્સીટીના સને ૨૦૦૩–૦૪ ના વાર્ષિક હિસાબો જોતાં સસ્પેન્સ એકાઉન્ટ, હિસાબોમાં ફંડ અને દેવાં બાજુ દર્શાવેલ છે. સસ્પેન્સ એકાઉન્ટની સિલક તેમજ ખાતાવહીમાં સસ્પેન્સ સદરે નિભાવેલ આવક ખર્ચના હિસાબોની તારીજ ચકાસણાં નીચે મુજબ ઉપલક સદરે સરભર કર્યા વગરની સિલક જોવા મળેલ છે.

| | |
|---|---|
| ઉઘડતી સીલક તા.૧–૪–૦૩ | રૂા. ૩,૬૩,૭૫૨ |
| જમા | રૂા. ૨૧,૬૩,૩૩૯ |
| કુલ | રૂા. ૨૫,૨૭,૦૯૧ |
| ખર્ચ | રૂા. ૨૪,૧૧,૫૬૪ |
| બંધ સીલક તા.૩૧–૩–૦૪ | રૂા. ૧,૧૫,૫૨૭ |

આવી ઉપલક ખાતાની બંધ સિલક તાત્કાલિક સરભર કરવા તેમજ ભવિષ્યમાં હિસાબો સુવ્યવસ્થિત રીતે લખાય તે માટે ઓડીટનું સુચન છે અગાઉના વર્ષોમાં ઓડીટ વાંધા સાથે યોગ્ય સુચનો કરવામાં આવેલ હોવા છતાં પૂર્તતા નહીં કરીને પ્રણાલિકાગત હિસાબો નિભાવી ઉપલક સદરે રકમો બાકી ખેંચી વાંધા પ્રત્યે દુર્લક્ષ રાખેલ છે. તે ગંભીર બાબત ગણી જવાબદાર અધિકારીનું ધ્યાન દોરવામાં આવે છે. જે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરી જે તે પૂર્તતાની આધારસહ જાણ કરવા વિનંતી.

પ્રા.વાં.નં. ૨૧ તા.૧૭/૩/૦૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રૂા.૨૪,૧૧,૫૬૪/–

ફકરા નં.૧૨

પરીક્ષાની આવક મર્યાદા કરતા પરીક્ષા ખર્ચ વધુ થવા બાબત.

ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના ઓડીટ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં પરીક્ષાની કુલ આવક રૂા.૩,૮૩,૦૯,૩૮૩.૯૦ ની સામે પરીક્ષા અંગેનો કુલ ખર્ચ રૂા.૬,૪૯,૦૯,૮૧૨.૯૭ નું થવા પામેલ હતુ. આમ આવક કરતા ખર્ચ રૂા.૨,૬૬,૦૦,૪૨૯.૦૭ વધુ થવા પામેલ હતો.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૬/૬/૯૧ ક્રમાંકઃ૧૩૯૦/૩૨૧(૧)(૪૦૯૨) ગ અન્વયે પરીક્ષા અંગેના ખર્ચા આવકની મર્યાદામાં કરવા અંગે જરૂરી સુચનાઓ આપેલ હોવા છતાં ચાલુ વર્ષે પણ પરીક્ષાનો ખર્ચ આવક કરતા રૂા.૨,૬૬,૦૦,૪૨૯ જેટલો વધુ ખર્ચ થવા પામેલ છે. આમ ચાલુ વર્ષે પ્રતિ વિદ્યાર્થી દીઠ સરેરાશ રૂા.૧૬૪ પરીક્ષા ફી પ્રાપ્ત થઈ હતી. જેની સામે વર્ષ દરમ્યાન પ્રતિ વિદ્યાર્થી દીઠ સરેરાશ પરીક્ષા ખર્ચ રૂા.૨૭૭ જેટલો થવા પામેલ હતો. છેલ્લા ૫ વર્ષની સરખામણીમાં પરીક્ષા ફી ની આવકના પ્રમાણમાં પરીક્ષા ફી ના ખર્ચમાં ઉતરોઉતર નોંધપાત્ર વધારો થવા પામેલ છે. અનુદાન ફાળવતી વખતે પણ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી ધ્વારા પરીક્ષાની આવક વધારવા માત્ર આગ્રહ રાખવામાં આવેલ છે પરંતુ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. પરીણામે યુનીવર્સીટી તરફથી આ બાબતને ગંભીરતાથી લેવામાં આવતી નથી.વધુમાં સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી નિભાવ ગ્રાન્ટ પણ અમાન્ય ખર્ચ બંધ કરવાની શરતે મંજુર કરવામાં આવે છે તેમ છતાં યુનીવર્સીટી ધ્વારા પરીક્ષા ભથ્થુ તેમજ ઓવર ટાઈમ જેવા અમાન્ય ખર્ચ કરવાનું ચાલુ રાખેલ છે. જેને કારણે પણ પરીક્ષાની આવક કરતા ખર્ચ વધુ થવા પામેલ છે. સંસ્થાએ પરીક્ષાની આવકમાં વધારો તેમજ ખર્ચમાં ઘટાડો કરવા સંબંધે નક્કર કાર્યવાહી કરી પરીક્ષાની ખર્ચની ખાધમાં ઘટાડો કરવા ઓડીટનું સુચન છે.

પ્રા.વા. નં. ૯ તા. ૭/૨/૦૯ જો સંસ્થાએ જવાબ કરેલ નથી જેથી મર્યાદા કરતા થયેલ વધુ ખર્ચ અમાન્ય ખર્ચ તરીકે ગણાવવામાં આવે છે.

અમાન્ય રૂા.૨,૬૬,૦૦,૪૨૯/-

ફકરા નં.૧૩

યુનીવર્સીટીના ખાલી વસાહતો ભાડે ન આપવાના કારણે યુનીવર્સીટીને થયેલ આર્થીક નુકશાન બાબત.

ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ વર્ષના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગે નીભાવેલ ભાડા પત્રક રજીસ્ટરની ચકાસણી કરતાં સામેલ પરિ.૩ ના કોલમ ૫ માં દર્શાવ્યા પ્રમાણે બાર માસ કરતાં વધુ સમય સુધી ખાલી રહેલ હોવા છતાં વસાહતો ભાડે ન આપવાના કારણે રૂા. ૭૦૫૨૪ ની આવક ગુમાવવી પડેલ હતી. ખાલી કવાર્ટર પડી રહેવાના કારણે યુનીવર્સીટીની આવકમાં ઘટાડો થાય છે. તો ઉકત કવાર્ટર ખાલી રાખવા જવાબદારે સ્પષ્ટતા કરવી.

પ્રા.વા. નં. ૪૩ તા.૧૯/૫/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી જેથી સામેલ પરિશિષ્ટ મુજબ ભાડાની આવક ગુમાવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

યુનીવર્સીટીની ખાલી વસાહતો ભાડે ન આપવાના કારણે ગુમાવેલ ભાડાની વિગતો દર્શાવતુ

પત્રક

પરિશિષ્ટ – ૫ ફકરા નં.૧૩

| અ.નં. | કવાર્ટરના પ્રકાર | માસીક ભાડુ | ખાલી કવાર્ટરનો સમય | ગુમાવેલ ભાડાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | કુલપતિ નિવાસ | ૩૪૫ | ૧૨ માસ | ૪૧૪૦ |
| ૨ | ઉપકુલપતિ બંગલો | ૩૪૫ | " | ૪૧૪૦ |
| ૩ | રીડર્સ રો હાઉસ ૪,૬,૮,૧૨ | ૩૪૫ × ૪ | " | ૧૬૫૬૦ |
| ૪ | રીડર્સ ફલેટ ૧,૨,૩ | ૨૨૦૪૩ | " | ૭૯૨૦ |
| ૫ | લેકચરર ફલેટ ૧ થી૧૨ | | | |
| ૬ | લેકચરર રો. હાઉસ ૬,૮,૯,૧૦ | ૨૧૫ × ૪ | " | ૧૦૩૨૦ |
| ૭ | બી ટાઈપ કર્વા.૬ | ૮૫ | " | ૧૦૨૦ |
| ૮ | સી ટાઈપ ફલેટ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૬ | ૧૧૮ | ૧૨ માસ | ૧૪૧૬ |
| | ૯ | ૧૧૮ | ૧૨ માસ | ૧૪૧૬ |
| | ૧૧ | ૧૧૮ | ૧૨ માસ | ૧૪૧૬ |
| | ૧૨ | ૧૧૮ | ૧૨ માસ | ૧૪૧૬ |
| ૯ | ડી. ટાઈપ રો.હા. | | | |
| | ૨૩ | ૨૫ | ૧૨ માસ | ૩૦૦ |
| | ૩૫ | ૨૫ | ૧૨ માસ | ૩૦૦ |
| ૧૦ | રીસર્ચકવા.૧/૨,૨/૮,૨/૧૧,૨/૧૨,૩/૧૩,<br>૩/૧૪,૩/૧૭,૩/૧૮,૪/૧૯,૪/૨૦,<br>૪/૨૧,૪/૨૨,૪/૨૩,૪/૨૪,૫/૨૩,<br>૫/૨૮,૫/૨૯,૫/૩૦,૬/૩૨,૬/૩૩,૬/૩૫,<br>૬/૩૬,૭/૩૯,૭/૪૧,૭/૪૨. | ૭૦×૨૪ | ૧૨ માસ | ૨૦૧૬૦ |
| | કુલ | | | ૭૦૫૨૪ |

ફકરા નં.૧૪

ટેલીફોન બીલનાં ચેકવણાં વિલંબથી કરવાનો કારણે ચુકવવો પડેલ સરચાર્જ બાબત

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૦૩-૦૪ ના ઓડીટ કરતા ખર્ચના વાઉચરોમાં ટેલીફોન બીલના ચુકવણાના કિસ્સામાં સંસ્થાએ સરચાર્જ ચુકવવો પડેલ હતો.

ટેલીફોન બીલના ચુકવણા બાબતે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા ડીપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનીકેશનનો પણ એલ.આર.નં.૨/૪/૮૮/ટી.આર. તા.૨/૯/૯૪ અન્વયે વિલંબથી ભરાતા ટેલીફોન બીલની રકમ ઉપર ટેલીફોન ખાતાએ સરચાર્જ લેવાનું ઠરાવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના પત્ર ક્રમાંકઃ ટી.ઈ.એલ/૧૦૯૪/૪૨૬/૫-- તા.૩/૬/૯૪ માં તમામ સંબંધિત ખાતાઓને સમયસર ટેલીફોન બીલના નાણાં ભરવાની સૂચના આપવામાં આવેલ છે. માંગણા બીલો ઈસ્યુ કર્યા પછી ૧૦ થી ૨૫ દિવસનો સમય ચુકવણી માટે આપવામાં આવે છે. આમ, નિયત કરેલ સમય મર્યાદામાં જો બીલની રકમ ચુકવવામાં ન આવે તો સરચાર્જની રકમ વસુલ કરવામાં આવે છે. જે પરિશિષ્ટ .૬....માં દર્શાવ્યા મુજબ સંસ્થાએ આવા માંગણા બીલોનુ ચુકવણુ મોડું કરેલ છે. જેના કારણે સંસ્થાએ રૂ.૧૫૯૦/૦૦ નો નિરર્થક ખર્ચ કરીને નુકશાન કરેલ છે. જે બાબતે કર્મચારીની જવાબદારી નકકી કરી જે તે કર્મચારી પાસેથી રકમ વસુલ લઈને ઓડીટને તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં. નં.૪૯ તા.૨૫/૫/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી. જેથી કરેલ વિલંબ વળતરની રકમ જવાબદાર પાસેથી વસુલાત કરવાની રહે.

વાંધા હેઠળ રૂ.૧૫૯૦/—

## ટેલીફોન બીલમાં ચુકવેલ સરચાર્જની વિગત દર્શાવતુ પત્રક

### પરિશિષ્ટ–૬ ફકરા નં.૧૪

| ક્રમ | વાઉચર ન. | તારીખ | રકમ રૂા. | ચુકવવા પાત્ર રકમ | ચુકવેલ રકમ | સરચાર્જ |
|---|---|---|---|---|---|---|
| 1 | 239 | 17/4/09 | 2394 | 1262 | 1302 | 40 |
| 2 | 239 | 17/4/09 | 2394 | 1052 | 1092 | 40 |
| 3 | 313 | 22/4/03 | 1531 | 588 | 608 | 20 |
| 4 | 313 | 22/4/03 | 1531 | 525 | 545 | 20 |
| 5 | 313 | 22/4/03 | 1531 | 368 | 387 | 20 |
| 6 | 948 | 25/5/03 | 2512 | 1927 | 1967 | 40 |
| 7 | 948 | 25/5/03 | 2512 | 525 | 545 | 20 |
| 8 | 949 | 29/5/03 | 14225 | 4307 | 4407 | 100 |
| 9 | 949 | 29/5/03 | 14225 | 679 | 699 | 20 |
| 10 | 949 | 29/5/03 | 14225 | 5538 | 5688 | 150 |
| 11 | 949 | 29/5/03 | 14225 | 3361 | 3431 | 70 |
| 12 | 2004 | 25/7/03 | 2454 | 2484 | 2454 | 70 |
| 13 | 2417 | 16/8/03 | 3909 | 3809 | 3909 | 100 |
| 14 | 2494 | 23/8/03 | 1371 | 1332 | 1371 | 40 |
| 15 | 2495 | 23/8/03 | 17070 | 5890 | 6040 | 150 |
| 16 | 2495 | 23/8/03 | 17070 | 2618 | 2688 | 70 |
| 17 | 2495 | 23/8/03 | 17070 | 1615 | 1655 | 70 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 18 | 2495 | 23/8/03 | 17070 | 537 | 557 | 20 |
| 19 | 2495 | 23/8/03 | 17070 | 5980 | 6130 | 150 |
| 20 | 2497 | 23/8/03 | 14354 | 1584 | 4684 | 100 |
| 21 | 2497 | 23/8/03 | 14354 | 1643 | 1683 | 40 |
| 22 | 2497 | 23/8/03 | 14354 | 1612 | 1652 | 40 |
| 23 | 2497 | 23/8/03 | 14354 | 2277 | 2347 | 70 |
| 24 | 2497 | 23/8/03 | 14354 | 3888 | 3988 | 100 |
| 25 | 2497 | 23/8/03 | 1337 | 1290 | 1337 | 40 |
| 26 | 3148 | 3/10/03 | 934 | 814 | 934 | 20 |
| | | | | | કુલ | 1620 |

ફકરા નં.૧૫

જુની ઉત્તરવહીઓના વેચાણ તથા પલ્વીગ કામ બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના વર્ષના જુની ઉત્તરવહીઓના વેચાણ તથા તેના પલ્વીગ કામ બબતે દૈનીક પત્રોમાં જાહેરાત આપી ટેન્ડર ધ્વારા ભાવપત્રકો મંગાવેલ જે અંગે કુલ ૬ ભાવ પત્રકો આવેલ જેમાં સૌથી વધુ ભાવ ભરનાર નેહા એન્ટરપ્રાઈઝને એક કીલોના રૂા.૧૦.૮૦ હતા પરંતુ તેઓએ અર્નેસ્ટમની ડીપોઝીટ ભરેલ ન હોઈ તે પછીના ઈજારદાર ઓગેન સ્ક્રેપ ટ્રેડર્સ, એક કીલોના રૂા.૧૦.૭૫ નો ભાવ ભરેલ હતો.

આ અંગેનું સંબંધીત રેકર્ડ ચકાસતા નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ટેન્ડર સ્વીકારતી વખતે પણ કુલ છ પૈકી ૧ ટેન્ડર ગાયત્રી એન્ટરપ્રાઈસમાં ટેન્ડર રજુ કરનારની સહી નથી. અન્ય ત્રણ ટેન્ડરમાં અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ ભરેલ નથી. તેમ છતાં પણ ટેન્ડર સ્વીકારી કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવેલ હતું. તો પછી વધુ ભાવ ભરનાર અનેઅર્નેસ્ટમની ડીપોઝીટ જમા ન કરાવનાર મે. નેહા એન્ટરપ્રાઈઝ ના ભાવો કયા સંજોગોમાં મંજુર કરવામાં આવ્યા નથી. તેની સ્પષ્ટતા કરવી રહે.

(૨) તા.૧૩/૨/૦૩ ના રોજ મંગાવેલ ટેન્ડરની શરત નં.૯ માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં ટેન્ડરો સીલ થયા વિના સ્વીકારવામાં આવ્યા હોવાનું ઓડીટના ધ્યાન ઉપર આવેલ છે. જે બાબત આધારસહ સ્પષ્ટતા કરવી ઘટે.

(૩) ટેન્ડર ફોર્મ વિતરણ અંગેના કોઈ રજીસ્ટર નિભાવવામાં આવેલ નથી જેથી કેટલા ટેન્ડરોનું વેચાણ કર્યુ અને તે પૈકી કયા કયા ટેન્ડરો કયારે કયારે ભરાઈને પરત આવ્યા તેની વિગતો તેમજ ટેન્ડર ફીની આવકની વિગતો ચકાસી શકાયેલ નથી.

(૪) સામાન્ય રીતે ટેન્ડર ખોલવાના દિવસે અધિકારીઓ અને ટેન્ડર ભરનાર વ્યકિત/સંસ્થાના પ્રતિનિધિઓની હાજરીમાં ટેન્ડર ફોર્મ ખોલવામાં આવે છે. તેમાં સૌપ્રથમ ટેકનીકલ બીડ ખોલ્યા પછી કોમર્શીયલ બીડ ખોલવાના રહે છે. અને આ સમગ્ર કાર્યવાહીનું રોજકામ કરવામાં આવે છે. પરંતુ ઓડીટને આવું કોઈ રોજકામ ચકાસણીઅર્થે રજુકરેલ નથી.

(૫) સદરહુ જવાબવહીઓના જથ્થાનું પલ્પીગ કામગીરી માર્ગદર્શિકા મુજબ થાય છે કે કેમ તેની ચકાસણી માટે યુનીવર્સીટી તરફથી બે કર્મચારીઓ શ્રી એસ.બી.જોષી અને શ્રી દિલીપ પટેલની નિમણૂક કરવામાં આવેલ હતી. જેમણે આ સમય દરમ્યાન કોઈ નોંધ કે રીપોટ યુનીવર્સીટીને રજુ કર્યાનો આધાર ઓડીટને રજુ કરેલ નથી જેથી પલ્પીગની કામગીરી માર્ગદર્શિકા મુજબ થયાનું ખાતરી થઈ શકેલ નથી.

(૬) આ પ્રકારના વેચાણ કિંમત ઉપર નિયમનુસા વેચાણવેરો પણ વસુલ થવો જોઈએ. પ્રવર્તમાન વેચાણવેરાના નિયમો મુજબ પલ્પીગ કરેલ કુલ જથ્થો ૧૩૬૧૦ કી.ગ્રામની કિંમત રૂા.૧,૪૬,૪૦૦ પર ૬ % દરે વેચાણવેરા અને ૧૦ % સરચાર્જ જમા કરાવવા પાત્ર થાય જે અંગેના ચલણની નકલ સામેલ રાખેલ નથી. આમ પરતી વેચાણ પેટે રૂા.૯૬૬૨.૦૦ સરચાર્જ સહીતની રકમ જમા કરાવવા પાત્ર થાય. જે તાત્કાલીક પેઢી પાસેથી વસુલ કરી આધાર સહીત ખાત્રી કરાવવી.

પ્રા.વાં. નં.૬૫ તા.૧૦/૬/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

વસુલા ત રૂા.૯૬૬૨/—

સદર ૦૪૦ વેચાણવેરા

ફકરા નં.૧૬

## કોરી પહોંચબુકનો સ્ટોક તેમજ સ્ટોક રજીસ્ટર નિભાવવામાં જણાયેલ અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ ધ્વારાના સને ૨૦૦૩-૦૪ ના અન્વેષણ દરમ્યાન તેની વિવિધ પ્રકારની આવકોના સંદર્ભમાં કેશ કાઉન્ટર ઉપરથી પહોંચ ઈસ્યુ કરવામાં આવે છે. યુનિવર્સીટી ધ્વારા નિભાવવામાં આવતા રેકર્ડની ખરાઈ કરતાં જણાયેલ છે કે યુનિવર્સિટી ધ્વારા આવી પહોંચબુકો કયારે કયારે, કેટલા જથ્થામાં છપાવવામાં આવી અને તે માટેના માંગણાપત્રક કયારે મોકલવામાં આવ્યા તેમજ પ્રેસમાંથી છપાવીને મળેલ જથ્થાની ડીલીવરી ચલણ સહિતનું પ્રાથમીક રેકર્ડ નિભાવવામાં આવતું નથી જયારે પ્રેસમાંથી છપાવીને આવેલ પહોંચબુકોની સાદા રજીસ્ટરમાં નોધ કરવામાં આવે છે. પરંતુ આવી પહોંચબુકોના વપરાશ દર્શાવતું પત્રક નિભાવવામાં આવતું નથી. જેને કારણે યુનિવર્સીટી ધ્વારા છપાવેલ, વપરાયેલ તેમજ બાકી રહેલ પહોંચબુકોની ખરેખર મળેલ આવક સાથે હિસાબમેળ કરી શકાતો નથી.ઉપરાંત ઓડીટના ધ્યાને આવેલ છે કે કોરી પહોંચબુકો જે રજીસ્ટરમાં નોંધવામાં આવે છે તે રજીસ્ટરને સિકકા રજીસ્ટરે ચડાવવામાં આવેલ નથી, આ રજીસ્ટરને પાના નં. કે છેલ્લા પાને પૃષ્ઠ હોવાના પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ નથી.વધુમાં તેમાંની કોઈપણ નોંધ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણિત થયેલ નથી.

ઉપલબ્ધ રેકર્ડ તથા સ્ટોકની ચકાસણી કરતાં સામેલ પરીશિષ્ટ-૭ મુજબની પહોંચબુકો ઓડીટ સમક્ષ રજુ થયેલ ન હોઈ તેનો દુરપયોગ થવાની ઓડીટને શંકા છે જે ગંભીર બાબત ગણાય સામેલ પરિશિષ્ટ-૭ માં દર્શાવેલ પહોંચબુકની આગામી ઓડીટે આધારીત ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થા ધ્વારા પોતાના કોઈ નાણાંકીય નિયમો બનાવેલ ન હોઈ રાજય સરકાર ધ્વારા પહોંચબુકની કસ્ટડી રાખવા સંબંધે મું.તિ.નિ.૧૯૬૦ ના નિયમ ૧૦૫ થી ૧૦૭ માં દર્શાવેલ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે.

પ્રા.વાં નં.૯૭ તા.૧૮/૭/૦૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

ઓડીટ દરમ્યાન રજુ નહિ કરેલ પહોચ બુકોની વિગત દર્શાવતુ પત્રક

પરિશિષ્ટ–૭ ફકરા નં.૧૬

| અ.નં. | સીરીજ | કયાંથી કયાં સુધી | વિ.નોંધ |
|---|---|---|---|
| ૧ | Mic | ૧૭૦૧ થી ૧૮૦૦ | |
| ૨ | BT | ૩૦૧ થી ૪૦૦ | |
| ૩ | L.M. | ૨૩૦૧ થી ૨૪૦૦ | |
| ૪ | F | ૧૦૦૧ થી ૧૧૦૦ | |
| ૬ | Lib | ૨૪૦૧ થી ૨૫૦૦ | |
| ૭ | RA | ૧૨૫૦૭ થી ૧૨૬૦૦ | |
| ૮ | Lib | ૧૦૧ થી ૨૦૦ | |
| ૯ | C. | ૧ થી ૧૦૦ | |
| ૧૦ | V.M. | ૩૬૦૧ થી ૩૭૦૦ | |
| ૧૧ | F | ૧૦૦૧ થી ૧૧૦૦ | |
| ૧૨ | P.G. | ૬૦૧ થી ૭૦૦ | |
| ૧૩ | " | ૫૦૧ થી૬૦૦ | |
| ૧૪ | " | ૪૦૧ થી ૫૦૦ | |
| ૧૫ | V.M. | ૫૪૦૧ થી ૫૫૦૦ | |
| ૧૬ | Lib/Mic | ૨૬૦૧ થી ૨૭૦૦ | |
| ૧૭ | Lib/BOOK | ૩૩૦૦ થી ૩૪૦૦ | |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | F | ૧૦૦૧ થી ૧૧૦૦ | |
| ૧૯ | RA | ૩૧૦૧ થી ૩૨૦૦ | |
| ૨૦ | MP | ૧૨૦૧ થી ૧૨૧૦૦ | |
| ૨૧ | C | ૫૦૧ થી ૫૦૦ | |
| ૨૨ | F | ૧૩૦૧ થી ૧૪૦૦ | |
| ૨૩ | Lib/PG | ૧૮૦૧ થી ૧૯૦૦ | |
| ૨૪ | ST/S.S. | ૫૦૧ થી ૬૦૦ | |
| ૨૫ | F.R.B. | ૫૦૧ થી ૬૦૦ | |
| ૨૬ | Lib/Mic | ૪૪૦૧ થી ૪૫૦૦ | |
| ૨૭ | FG/. | ૨૯૯૦૧ થી30000 | |
| ૨૮ | ST/COV. | ૩૦૧ થી ૪૦૦ | |
| ૨૯ | LIC/Mic | ૧૧૦૧ થી ૧૨૦૦ | |
| ૩૦ | Lib/Mic | ૧૨૦૧ થી ૧૩૦૦ | |
| ૩૧ | V.M. | ૧૨૬૦૧ થી ૧૨૭૦૦ | |
| ૩૨ | MIC. | ૧૫૦૧ થી૧૬૦૦ | |
| ૩૩ | E.L. | ૮૫૦૧ થી ૮૬૦૦ | |
| ૩૪ | MAE | ૬૩૦૧ થી ૬૪૦૦ | |
| ૩૫ | HRG | ૯૦૧ થી ૯૦૩ | |
| ૩૬ | ST/L. | ૩૦૧ થી ૪૦૦ | |
| ૩૭ | R.A. | ૧૨૫૦૧ થી ૧૨૬૦૦ | |
| ૩૮ | M.COM. | ૯૬૦૧ થી ૯૭૦૦ | |
| ૩૯ | C | ૩૦૧ થી ૪૦૦ | |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | MIC | ૦૦૧ થી ૧૦૦ | |
| ૪૧ | EL. | ૧૩૦૧ થી ૧૪૦૦ | |
| ૪૨ | Lib/EXT | ૪૭૦૧ થી ૪૮૦૦ | |
| ૪૩ | Lib/EXT | ૦૧ થી ૧૦૦ | |
| ૪૪ | LIC/Mic | ૪૦૦૧ થી ૪૧૦૦ | |
| ૪૫ | Lib | ૧૩૦૧ થી ૧૪૦૦ | |
| ૪૬ | LIC/Mic | ૪૦૦૧ થી ૪૧૦૦ | |
| ૪૭ | FYBA | ૬૦૧ થી ૭૦૦ | |

ફકરા નં.૧૭

ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચુકવણી બાબત

સને ૨૦૦૩–૦૪ ના વર્ષના ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના અન્વેષણ વખતે યુનીવર્સીટીના તાબાના ગ્રંથાલયના ખર્ચનું ઓડીટ કરતાં ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલયના કર્મચારીઓને પગાર ભથ્થા ઉપરાંત નીચે જણાવેલ વિગતે ગ્રથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ ( વન ડે સેલેરી ) ભથ્થુ ચુકવવામાં આવેલ છે. તદુઉપરાંત ગ્રંથાલયના ચાર ડીસ્પેચરાઈડર અને છ પટાવાળાઓને તેઓની કામગીરી ઉપરાંત વધારાની કામગીરી માટે માસીક રૂા.૨૦૦/– પુરસ્કાર રૂપે ચૂકવવા માટે કુલ સચિવશ્રીના તા.૮/૧૦/૯૯ ના પત્ર નં. એકા–૧/૫૯૧૯/૧૯૯૯ થી મંજુરી આપવામાં આવેલ છે.વર્ષ દરમ્યાન અલગ અલગ વા.નં. થી એકા.કોડ નં. ૨૧૨૨૦૦૫ હેઠળ કુલરૂા.૮૯૦૪૬/– ખર્ચ થયેલ છે.

ઉપરોકત ખર્ચ બાબતે રજુ થયેલ ગ્રંથાલય વન ડે સેલેરી રજીસ્ટરની ચકાસણી કરતા માહે ફેબ્રુઆરી ૨૦૦૩ થી જાન્યુઆરી ૨૦૦૪ દરમ્યાન જે તે માસમાં આવતી જાહેર રજાઓમાં જરૂરીયાત મુજબ ના કર્મચારીઓ નકકી કરેલ દિવસે હાજર રહીને કામગીરી કરી જે તે માસના બેઝીક પગાર તથા ડી.એ.ના સરવાળાની રકમને આધાર ગણી એક દિવસનો પગાર ચુકવેલ છે.

સામાન્ય રીતે કર્મચારી રજાના દિવસે ફરજ બજાવે તો સરકારશ્રીના નિયમો અને ધારાધોરણ મુજબ હાજર દિવસની સામે વળતર રજા મળવા પાત્ર થાય જયારે યુનીવર્સીટીએ ઓવર ટાઈમ તરીકે ચુકવેલ હોઈ સરકારશ્રીની નીતી નિયમો વિરુધ્ધનો ખર્ચ હોઈ આ ખર્ચ ઓડીટ માન્ય રાખતી નથી. યુનીવર્સીટી ધ્વારા પોતાના કર્મચારીઓને સરકારશ્રી ધ્વારા અપાયેલ વખતોવખતના પગારપંચોનો લાભ અપાયેલ હોઈ તેની સાથે જોડાયેલી શરતોનો સ્વીકાર કરનાનો રહે અને તે મુજબ અમાન્ય ઠરેલ આ રકમ જે તે કર્મચારી પાસેથી વસુલાતને

પાત્ર થાય છે. તો આ રકમ વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવવાની આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં સંસ્થા ધ્વારા કયા કર્મચારીઓએ કઈ રજાના દિવસે ફરનો બજાવી તેનું કોઈ રજીસ્ટર/કચેરી ચાલુ રાખવાના હુકમોનું કોઈ રેકર્ડ ઓડીટ સમક્ષ ચકાસણી અર્થે રજુ થયેલ નથી.

પ્રા.વાં નં.૮૫ ના જવાબમાં સંસ્થાએ સંતોષકારક જવાબ કરેલ ન હોઈ માન્ય રાખી શકાય નહી.

વસુલાત રૂા.૮૯૦૪૬/-

ફકરા નં.૧૮

યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ફી પેટે મળેલ આવક અને તેના ખર્ચ પેટે જણાયેલ અનીયમીતતા અંગે.

---

સને ૨૦૦૩-૦૪ ના વર્ષ ગુજરાત યુનિવર્સીટીના હિસાબોમાં યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમોની આવક રૂા.૧૫૨૪૦૫૩ અને ખર્ચ રૂા.૧૪૧૫૮૧ જેટલો થવા પામેલ હતો.

એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૨૦/૩/૮૨ ની બેઠકમાં મંજુર થયેલ ઓર્ડીનન્સ ૧૭૦ જે તા.૭/૨/૯૬ ની એકઝીકયુટીવ કાઉન્સીલની સભામાં સુધારવામાં આવ્યો હતો. તે પ્રમાણે યુનીવર્સીટી ધ્વારા યુવક સેવા સાંસ્કૃતીક કાર્યક્રમો યોજવા જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી/સત્ર દીઠ રૂા.૩.૦૦ લેખે વસુલાત મેળવી હિસાબોમાં જમા લઈ તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબો ચકાસતા જણાય છે કે કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ મળેલ આવકના પ્રમાણમાં માત્ર ૯ ટકા જેટલો ખર્ચ થવા પામેલ છે. જે સંસ્થા ધ્વારા આ પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ અપાતો ન હોવાનું સ્પષ્ટ કરે છે. વર્ષના અંતે આવા કાર્યક્રમો માટે ખર્ચવાની થતી રકમના સદરે રૂા.૭૭૯૯૬૫૯/- જેટલી માતબર રકમ બચત રહેલ છે.

સંસ્થા ધ્વારા આ પ્રકારની ફી વસુલાત સંદર્ભે કોલેજવાર રેકર્ડ નિભાવવામાં આવતું ન હોઈ વસુલવાની બાકી રકમ તેમજ થયેલ ખર્ચ બાબતે વાઉચરો સાથે પેટા વાઉચર સામેલ ન હોઈ તેની ચકાસણી થઈ શકેલ નથી.

પ્રા.વાં નં.૩૨ નો જવાબ માન્ય રાખી શકાય તેમ ન હોઈ યોગ્ય પુર્તતા ન થાય ત્યાં સુધી થયેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા.૧૪૧૫૮૧/-

ફકરા નં.૧૯

બોઈઝ હોસ્ટેલના ફર્નિચર તથા વાસણોના ડેડસ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનીયમીતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન બોઈઝ હોસ્ટેલના ડેડસ્ટોક રજીસ્ટર તથા સાધનીક રેકર્ડની ચકાસણી કરતાં નીચેની અનીયમીતતાઓ જણાઈ આવેલ હતી.

૧. હોસ્ટેલના ઈ. બ્લોકની મેસની પાછળની જાળી તોડી કુલ ૧૦ નંગ વાસણોની ચોરી થયાનો રીપોર્ટ વોર્ડને તા.૨૨/૩/૦૫ ના રોજ કરેલ હતો. તેમાં જણાવ્યા પ્રમાણે માલ સામાન જુનો હોઈ કિંમતનો અંદાજ કાઢી શકાયેલ નથી. તો તેનો ડેડસ્ટોકમાં લખેલ કિંમત પરથી અંદાજ કાઢી નુકશાન માટે જવાબદાર સામે કાર્યવાહી કરી ઓડીટને જાણ કરવી.

૨. વોર્ડનના તા.૨૩/૫/૦૫ ના રીપોર્ટ મુજબ વાસણોનો ભંગારપીત્તળ૨૭૦ કિલો,એલ્યુમીનીયમ ૫ કિલો અને સ્ટીલ૧૯ કિલો મળી કુલ ૨૯૪ કીલો ભંગાર તેઓ ધ્વારા કિર્તીકુમાર કેશવલાલ વાસણવાળાને વેચી કિંમત વસુલ લઈ યુનીવર્સીટીમાં રૂા.૩૦૬૪૫/– જમા કરાવેલ છે. ઓડીટે ચકાસણી કરતાં આ બાબતે આ ભંગારના વેચાણ માટે કોઈ જાહેરાત આપી તુલનાત્મક ભાવો મંગાવેલ ન હતા. અને કોઈ જવાબદાર અધીકારી રૂબરૂ ભંગારનો વજન ન કરાવી જરૂરી ખાત્રી ન કરી જાહેર હરાજીથી નીકાલ ન કરવાની સ્પષ્ટતા કરવી ઘટે.

૩. શ્રી પી.કે.પટેલ વોર્ડન તેઓની ફરજ પર હાજર થતાં તેઓને ડેડસ્ટોકનો હવાલો આપેલ હતો. તેમાં તા.૨૫/૧૧/૦૪ ના પત્ર પ્રમાણે કુલ ૨૬૩ વસ્તુઓ પુરતી હોવાનો તેઓએ રીપોર્ટ કરેલ હતો અને ચાર્જમાં ઓછી લીધેલ હોવાનુ દર્શાવેલ હતુ તો આ બાબતમાં ખુટતી વસ્તુઓ ડેડસ્ટોકમાં નોંધાયેલ કિંમતે જવાબદાર પાસેથી વસુલ લઈ ઓડીટને ખાત્રી કરવી.વધુમાં આ જ વોર્ડન શ્રી પી.કે. પટેલ ના તા.૩/૩/૦૫ ના પત્ર પ્રમાણે કુલ ૬૭૪ વાસણો તથા કુલ ૭૮૯ ફર્નીચરની વસ્તુઓ ખુટતી હોય તેમ જણાવેલ છે તો આ બાબતમાં જવાબદારેથી સ્પષ્ટતા કરવી.

પ્રા.વાં. નં.૭૭ ના જવાબમાં કાર્યવાહી પૂર્ણ કર્યાનો જવાબદારે રેકર્ડ આધારીત રજુ કરેલ ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા નં.૨૦

અનિયમીત રીતે લીવ ટ્રાવેલ કન્સેસન ચુકવવા બાબત.

સને ૨૦૦૩–૦૪ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાઉચરોનું ઓડીટ કરતાં વા.નં. ૩૨૪૯ તા.૮/૧૦/૦૩ થી યુનીવર્સીટીના લેબર વેલ્ફેર ડીપાર્ટમેન્ટના લેકચરર અને હેડ ડૉ. મીસીસ રાજસી કલાર્કને અમદાવાદથી ચારધામ યાત્રા (Piygrimage) જવા માટેની તા.૫/૫/૨૦૦૦ થી તા.૧૯/૫/૨૦૦૦ ના લીવ ટ્રાવેલ્સ કન્સેશનના રૂા.૧૫૮૫૨.૦૦ ચુકવેલ છે. આ બીલમાં શ્રીમતી કલાર્ક સાથે તેમના પતિ એ.કે.કલાર્ક, પુત્રી મીસ એન.એ.કલાર્ક તથા પુત્ર આર.એ.કલાર્ક ગયેલ હતા.સદરહુ ખર્ચની ચકાસણી કરતાં

૧. શ્રીમતી કલાર્ક તેમની મુસાફરી તા.૫/૫/૨૦૦૦ થી શરૂ કરીને તા.૧૯/૫/૨૦૦૦ ના રોજ પુરી કરેલ છે જયારે શ્રીમતી કલાર્કને એડવાન્સતા.૧૯/૫/૨૦૦૦ ના રોજ રૂા.૧૫,૦૦૦/– ચુકવેલ છે. જે ના.વિ.ના ઠ.ક.મસભ–૧૦૨૦૦૦–પુઓ–૭૭૮–ચ, ૧૯–૬–૨૦૦૦ ની જોગવાઈ વિરુધ્ધ છે. એડવાન્સ એ મુસાફરી શરુ કરતા પહેલાં આપવુ જોઈએ. મુસાફરી પુર્ણ કર્યા બાદ ચુકવણા બદલ સંબંધકર્તાએ સ્પષ્ટતા થવી ઘટે.

૨. શ્રીમતી કલાર્કે તેનું લીવ ટ્રાવેલ કન્સેશનનું બીલ તા.૧/૯/૨૦૦૩ ના રોજ રજુ કરી એડવાન્સ સરભર કરેલ છે. જે સરકારશ્રીના ઉકત પેરા ૧ માં દર્શાવેલ ઠરાવની જોગવાઈ વિરૂધ્ધ છે. વધુમાં શ્રીમતી કલાર્કે તા.૧/૯/૨૦૦૩ ના રોજ રજુ કરેલ છે. જે સરકારશ્રીના તા.૧૯/૯/૭૯ ના ઠરાવ મુજબ ૧ વર્ષ ઉપરાંતનો દાવો મળવા પાત્ર નથી તેમ છતાં બીલની ચુકવણી કરવામાં આવેલ છે જે ઉચિત નથી. તો આ રકમ વસુલાતને પાત્ર છે.

પ્રા.વાં. નં.૯૩ તા.૧૫/૭/૦૪ નો સંસ્થાએ પ્રત્યુત્તર આપેલ નથી.

વસુલાત ૧૫,૮૫૨/–

ફકરા નં.૨૧

સને ૨૦૦૨-૦૩ ના એન.એસ.એસ. રેગ્યુલર એકટીવીટીના ખર્ચ બાબત.

---

સને ૨૦૦૩-૦૪ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનીવર્સીટીને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગરના તા.૨૯/૯/૦૩ ના અનુદાન આદેશ મુજબ રાષ્ટ્રીય સેવા યોજના ( એન.એસ.એસ.) માટે રૂા. ૧૩,૬૦,૦૦૦/- ફાળવવામાં આવેલ હતા. જે સામેલ પરિશિષ્ટ-૮ ની વિગતે રૂા.૮૮૪૦૦૦/- તેમની તાબાની કોલેજોને ફાળવવામાં આવ્યા હતા. નિયમનુસાર નિયમિત પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીદીઠ રૂા.૧૬૦/- લેખે ખર્ચ કરવાની જોગવાઈ છે. જેની સામે કોલેજો ધ્વારા વર્ષ દરમ્યાન પરીશીષ્ટ-૮ ની વિગતે રૂા. ૮૫૫૫૯૮/- જેટલો ખર્ચ કરવામાં આવેલ છે. આમ કોલેજો પાસેથી રૂા.૨૮૪૦૨/- પરત લેવાના થાય છે.

આ પ્રવૃતિ માટેનો ખર્ચ કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ યુથ વેલ્ફેર અને સ્પોર્ટસ વિભાગ ધ્વારા નકકી કરેલ રાષ્ટ્રીય સેવા યોજનાના મેન્યુઅલના વિવિધ ચેપ્ટરમાં દર્શાવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવાનો રહે છે.

આ યોજના હેઠળ તા.૧/૪/૦૩ ના રોજ કુલ રૂા.(-) ૧૦૮૩૧૬૧ની ઉઘડતી સિલક હતી. એટલે કે ગ્રાન્ટ ન હોવા છતાં રૂા.૧૦૮૩૧૬૧ નો ખર્ચ કરેલ હતો. ઓડીટ વર્ષ દરમ્યાન આવા ખર્ચ માટે રૂા. ૧૩૬૦૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આમ વર્ષ દરમ્યાન વાપરવા માટે ફકત રૂા.૨૭૬૮૩૯/- ની ગ્રાન્ટ ઉપલબ્ધ હતી. તેમ છતાં પણ ઓડીટ વર્ષ દરમ્યાન કુલ રૂા.૧૨૮૬૮૯૪/- જેટલો ખર્ચ અપુરતી ગ્રાન્ટ હોવા છતાં કરવામાં આવેલ હતો જેને પરીણામે રૂા. (-) ૧૦,૧૦,૦૫૫ ની માઈનસ ગ્રાન્ટ રહેવા પામેલ છે. જે યોગ્ય નથી. તો આ બાબતે સંબંધકર્તાએ સ્પષ્ટતા થવી ઘટે.

(૨) આ સદર હેઠળ પ્રથમથી માઈનસ ગ્રાન્ટ હોવા છતાં કોલેજને ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત સ્પષ્ટતા  થવી ઘટે.

(૩) કોલેજો ધ્વારા રજુ થયેલ હિસાબોની વિગતો ચકાસતાં કોઈ વાઉચર કે પેટા વાઉચરો સામેલ નથી. જેથી કોલેજોએ કરેલ ખર્ચની ખરાઈ થઈ શકેલ નથી. અને કોલેજોએ પેટા વાઉચરની જગ્યાએ  ચાર્ટર એકાઉન્ટન્ટે હિસાબો  ચકાસણી કરે છે. તેનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે. જે યોગ્ય નથી આમ રાષ્ટ્રીય સેવા યોજનાના ભાગ–૩  ના ચેપ્ટર– ૩ ના ફકરા ૨ માં હિસાબી રેકર્ડ  ઓડીટ માટે રજુ કરવાની જોગવાઈ હોવાછતાં મુળ  પેટા વાઉચરો વિના ખર્ચ માન્ય કરી ચુકવવા બદલ  જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(૪)  વાઉચર સાથે સામેલ એચ.કે.આર્ટસ  કોલેજ અમદાવાદને ૧૦૦ વિદ્યાર્થીઓના કેમ્પ માં રૂા.૨૭,૦૦૦/– નો  ખર્ચ  કરેલ  છે. જેની સામે  યુનીવર્સીટી ધ્વારા રૂા.૨૭૦૦૦/– ચુકવાયેલ છે. તેવી જ રીતે આર.પી. આર્ટસ,સાયન્સ અને કોમર્સ કોલેજ ખંભાતને રૂા.૧૬૭૫૨/–ના ખર્ચ સામે રૂા.૧૬૭૦૦/– ની ચુકવણી કરવામાં આવેલ હતી. રાષ્ટ્રીય સેવા યોજના  મેન્યુઅલનાં જોગવાઈ મુજબ  એક  વિદ્યાર્થી દીઠ  રૂા.૧૬૦ લેખે ૧૦૦ વિદ્યાર્થીના રૂા.૧૬,૦૦૦ ચુકવવા પાત્ર  થાય તેમ છતાં પણ આ કોલેજોને અનુક્રમે રૂા.૨૭,૦૦૦/–અને રૂા.૧૬૭૦૦/– ગ્રાન્ટ ફાળવવા બદલ જવાબદારેથી  સ્પષ્ટતા  થવી ઘટે.  અને વધુ ફાળવેલ રકમ રૂા.૧૧૭૦૦/– વસુલાત મેળવી સરકારશ્રીમાં  જમા કરાવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા. નં.૧૦૬ ના જવાબમાં પૂર્તતા ન હોઈ  ચાલુ  રાખવામાં આવે છે.

વસુલાત રૂા.૨૮,૪૦૨/–

વસુલાત રૂા.૧૧,૭૦૦/–

સદર ૨૨૦૨ શિક્ષણ

કુલ વસુલાત–૪૦,૧૦૨/–

પરિશિષ્ટ-૯ (ફકરા નં ૨૧)

સને ૨૦૦૨-૦૩ ના એસ.એસ.એસ. રેગ્યુલર એક્ટીવીટીના ખર્ચ બાબતે કોડ નં.૪૧૦૧૦૨૨

| અ.નં. | કોલેજનું નામ | વોલન્ટિયરની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ | | | ખર્ચની વિગત | | | | | | | | | | | | કુલ ખર્ચ | પરત જમા કરાવ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | કુલ | પ્રશિક્ષણ ખર્ચ | પ્રવૃત્તી ખર્ચ | સામાજિક સંસ્થાની મુલાકાત ખર્ચ | વિવિધ તાલીમ ખર્ચ | દત્તક ગામ સેવાકીય ખર્ચ | રેકર્ડ અને બેજનું ખર્ચ | મા.વે/વહિવટ /પ.ખર્ચ | નેશનલ પ્રવૃત્તીનો ખર્ચ | ઓરીએન્ટલ ખર્ચ | વિભાગીય સેમીનાર ખર્ચ | સમાજ દર્શન | ઓડીટ ફી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | એચ.કે.કોમર્સ કોલેજ, આશ્રમ રોડ, અમદાવાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૯૫ | ૧૦૧૦ | ૧૬૬૫ | ૬૦ | ૨૨૯૬ | ૧૦૦૦ | ૭૨૭૪ | | | | | | ૧૩૨૦૦ | - |
| ૨ | શ્રી સ્વામિનારાયણ આર્ટસ કો.અ.વાદ | ૨૪૦ | ૨૦૦૦૦ | ૭૦૦૦ | ૨૭૦૦૦ | ૮૦૦ | ૨૨૦૩ | ૨૯૩૪ | ૨૩૨૨ | ૯૪૪૦ | ૨૨૧૯ | ૮૪૯૯ | ૧૭૯૫ | | | | | ૨૯૩૧૨ | - |
| ૩ | ભવન્સ આર્ટસ, સાયન્સ કોલેજ પેટલાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૪૦૦ | ૬૦૦ | ૫૦૦૦ | ૫૦૦૦ | ૧૬૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૫૦૦૦ | | | | | ૨૮૦૦ | |
| ૪ | શ્રી આર.કે.પરીખ આર્ટસ, સાયન્સ કોલેજ પેટલાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૫૦ | ૭૭૦ | ૫૦૦ | ૫૦૦ | ૩૦૦૦ | ૧૦૦૦ | ૫૪૦૦ | ૧૭૮૦ | | | | | ૧૩૫૩૦ | |
| ૫ | સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૩૮૩ | ૬૦૦ | ૫૧૭ | ૧૦૨૪ | ૩૯૩૫ | ૯૮૮ | ૫૪૦૦ | ૭૫૦ | | | | | ૧૩૫૯૭ | - |
| ૬ | આર.ડી.શાહ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૧૦૦૦ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૫૪૦૦ | - | ૫૦૦ | - | | | ૧૩૫૦૦ | - |

| | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આર્ટસ & કોમર્સ | | | | | | | | | | | | | | | | | | | |
| ૭ | આર્ટસ & કોમર્સ કોલેજ ગાંધીનગર | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૦૦ | - | ૬૦૦ | ૧૦૦૦ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૪૬૦૦ | | | | | | ૧૩૫૦૦ | - |
| ૮ | માણેકચોક કો.ઓ. અને મહેમદાબાદ કોમર્સ કોલેજ, મહેમદાબાદ | ૧૪૬ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૭૩૫ | - | ૨૮૮૧ | ૧૬૬૦ | ૧૭૯૫ | ૫૭૦૮ | - | - | - | ## | - | - | ૧૩૫૦૬ | |
| ૯ | યુનિટટ્રસ્ટ સુરબજ્બા મહિલા કોલેજ નડીયાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૩૪૦ | - | ૭૮૦ | ૨૪૨૫ | ૨૬૦૫ | ૧૦૦૦ | ૭૧૪૦ | - | - | - | - | - | ૧૪૩૮૮ | - |
| ૧૦ | એમ.સી.શાહ કોમર્સ કોલેજ, આશ્રમ રોડ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦૦ | ૨૫૦ | ૧૦૭૨ | ૮૦૦ | ૧૦૨૩ | ૬૪૧ | ૧૦૦૧ | ૪૮૦૦ | - | - | - | - | - | ૧૦૫૮૭ | ૨૯૧૩ |
| ૧૧ | હરિવલ્લભ કાલીદાસ આર્ટસ | ૧૦૦ | ૭૦૦૦૦ | ૨૦૦૦૦ | ૨૭૦૦૦ | ૪૦૦ | ૭૬૮૫ | ૬૪૦ | ૮૮૫૦ | ૪૨૬૦ | ૧૯૩૯ | ૨૯૨૬ | - | - | - | - | - | ૯૦૦૦ | - |
| ૧૨ | શ્રીમતી સદ્ગુણા સી.યુ. આર્ટસ ગર્લ્સ કોલેજ અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૧૩૫૦૦ | ૧૩૫૦૦ | | ૪૬૬ | | ૩૬૫ | ૧૮૪૧ | ૧૫૪૩ | ૬૧૦૫ | | | | | | ૧૩૫૦૦ | |
| ૧૩ | સી.સી.શેઠ કોલેજ ઓફ કોમર્સ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | | ૨૫૨૯ | ૧૬૭૪ | | ૧૮૪૧ | ૧૫૪૩ | ૬૧૦૫ | | | | | | ૧૩૫૦૦ | - |
| ૧૪ | ડી.એમ.પટેલ આર્ટસ કોમર્સ, ઓડ તા.આણંદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૩૦૦ | ૪૫૦ | ૬૪૦ | ૨૦૩૦ | ૩૧૪૦ | ૧૯૦૦ | ૪૬૩૦ | | | | | | ૧૪૨૩૦ | - |
| ૧૫ | આર્ટસ & સાયન્સ કોલેજ ભાદરણ, તા-બોરસદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૧૦૦ | - | ૧૧૦૨ | | ૩૪૪૩ | | ૭૧૭૫ | | | | | ૨૬૫ | ૧૩૫૦૦ | |
| ૧૬ | શાહ સી.કે.ન્યુ કોલેજ, કલોલ, જિ.ગાં.ન. | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૪૬૦ | - | ૨૧૦૯ | | ૫૫૦૦ | ૧૦૮૦ | ૫૪૧૯ | | | | | | ૧૫૫૬૭ | - |

(૯૩)

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | ડી.ડી.આઈ.સી. કોલેજ, નડીયાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૯૫૦ | | ૧૫૦૦ | | ૪૨૧૦ | ૧૦૦૦ | ૬૧૨૫ | | | | | | ૧૩૭૮૫ | |
| ૧૮ | નવજિવન આર્ટસ & કોમર્સ કોલેજ, દાહોદ | ૨૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૪૪૫ | | ૧૯૫૦ | | ૨૫૫૦ | ૧૫૦૦ | ૬૦૫૦ | | | | | | ૧૩૪૬૫ | ૫ |
| ૧૯ | સહજાનંદ વાણિજ્ય મહા વિધ્યાલય, આંબાવાડી, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦ | ૮૨૦ | | ૧૫૦૬ | | | ૧૦૫૦ | ૬૪૨૪ | | | | | ૨૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ |
| ૨૦ | શ્રીમતી એલ & સી મહેતા આર્ટસ કોલેજ અ'વાદ | ૨૦૦ | ૨૦૦૦૦ | ૭૦૦૦ | ૨૭૦૦૦ | ૬૧૬ | ૩૫૭૬ | ૪૪૦૫ | ૩૦૧૦ | ૭૭૬૭ | ૧૧૫૦ | ૭૫૦૩ | | | | | | ૨૭૦૩૦ | |
| ૨૧ | ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ, ગાંન. | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | પ્રવૃત્તી વાર ખર્ચ દર્શાવેલ નથી | | | | | | | | | | | | ૧૨૫૮૭ | ૯૧૩ |
| ૨૨ | શ્રી સી.એન.પી.એફ. આર્ટસ & સાયન્સ કોલેજ, ડભોઈ | ૨૦૦ | ૨૦૦૦૦ | ૭૦૦૦ | ૨૭૦૦૦ | ૬૩૦૦ | ૨૦૨૧ | ૪૯૧૫ | | ૬૫૩૪ | ૨૨૮૦ | ૬૫૩૭ | | | | | | ૨૭૫૮૭ | |
| ૨૩ | શ્રીમતી એ.પી.પટેલ આર્ટસ & કોમર્સ કોલેજ, નરોડા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૮૦ | ૫૩૭ | ૧૩૪૦ | ૮૮૫ | ૩૦૯૮ | ૧૦૦૦ | ૫૨૦૦ | | ૬૫૦ | | | ૨૦૦ | ૧૩૫૦૦ | |
| ૨૪ | રાષ્ટ્રભાષા આર્ટસ & કોમર્સ કોલેજ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૦૦ | | ૬૦૦ | | ૪૪૨૮ | ૧૦૦૦ | ૭૬૪૬ | | | | | | ૧૪૧૮૪ | |
| ૨૫ | એમ & વી આર્ટસ & કોમર્સ કોલેજ, હાલોલ | ૨૦૦ ૦૦ | ૨૦૦૦૦ | ૭૦૦૦ | ૨૭૦૦૦ | ૪૩૪૨ | | ૪૫૬૭ | | ૧૩૩૧ | ૨૦૦૦ | ૧૪૭૪૯ | | | | | | ૨૭૦૦૦ | |

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | સરકારી વાણિજ્ય કોલેજ, ગાં.ન. | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૭૨૯ | - | ૫૦૦ | ૧૦૦૦ | ૧૩૪ | | - | ૫૭૦૦ | | | | | ૭૬૬૩ | ૫૨૩૭ |
| ૨૭ | એચ.પી.પટેલ આર્ટસ કોલેજ, સીમલીયા, જિ.પંચમહાલ | ૧૦૦ | ૧૦૦૦-૫૫૦૦ | ૩૫૦૦ | ૧૯૦૦૦ | ૧૦૭૦ | - | ૨૫૪૦ | | ૩૦૪૦ | ૫૦૦ | ૫૯૪૦ | | | | | | ૧૩૦૦૦ | ૫૦૦ |
| ૨૮ | જય અંબે લલીતાબેન આર્ટસ & કોમર્સ, કાંકણપર | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૨૫૧ | ૩૦૦ | ૫૦૦ | ૧૦૫૧ | ૨૧૭૦ | ૧૦૦૦ | ૫૪૦૦ | ૬૩૦ | | | | | ૧૪૧૦૨ | - |
| ૨૯ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નસવાડી | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦૦ | ૧૩૫૦૦ | ૪૦૦ | ૧૬૦૦ | ૩૫૦ | | ૧૩૧૫ | ૧૦૦૦ | ૮૮૨૫ | | | | | | ૧૩૫૦૦ | - |
| ૩૦ | આર.એસ.પટેલ કોમર્સ કોલેજ, અ'વાદ | ૧૦૦ | ૮૦૦૦ | ૫૫૦૦ | ૧૩૫૦૦ | ૧૦૦૦ | - | ૧૫૦૦ | | ૪૦૦૦ | ૧૦૦૦ | ૪૬૦૦ | | | | | | ૧૩૫૦૦ | - |
| ૩૧ | જે.ડી.રૂદેબવાલા આર્ટસ & કોમર્સ કોલેજ, અ'વાદ | ૧૦૦ | ૮૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૮૪૫ | - | ૬૦૦ | ૧૦૦૦ | ૩૯૯૫ | ### | ૪૮૦૦ | | | | | | ૧૪૪૩૬.૭૫ | ૬૩.૨૫ |
| ૩૨ | શ્રી એમ.ડી.શાહ કોમર્સ & આર્ટસ કોલેજ, મહુધા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | | | ૬૦૦ | ૧૮૨૫ | ૩૪૫૦ | ૧૦૦૦ | ૬૪૫૦ | | | | | | ૧૩૫૧૫ | - |
| ૩૩ | પ્રભુદાસ ઠક્કર આર્ટસ & કોમર્સ કોલેજ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | | ૨૮૦૫ | ૨૨૭૫ | | ૫૮૫ | ૧૦૦૦ | ૬૮૩૫ | | | | | | ૧૩૫૦૦ | - |
| ૩૪ | શ્રી રામજી રવજી લાલન કોલેજ, ભુજ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૦૭૬ | - | ૬૦૬ | | ૫૩૩૩ | ૧૦૪૦ | ૫૪૪૫ | | | | | | ૧૩૫૦૦ | |
| ૩૫ | સરસપુર આર્ટસ & કોમર્સ કોલેજ, અ'વાદ | ૧૫૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૮૮૦ | - | ૫૭૩૯ | | ૬૧૫૦ ૧૦ | ૧૦૧૨ | ૬૫૯૧ | | | | | | ૨૦૪૧૨ | - |

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬ | મહિલા મહા વિદ્યાલય, વડોદરા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૪૦૪ | ૪૯૦ | ૫૯૮ | ૯૬૮ | ૨૧૭૬ | ૧૦૦૦ | ૭૮૬૪ | | | | | | ૧૩૫૦૦ | |
| ૩૭ | તેલાણી આર્ટસ & સાયન્સ, આદીપુર, કચ્છ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૧૪૨ | | ૧૭૧૨ | | ૩૧૬૦ | ૧૨૫૦ | ૫૮૨૧ | | | | | ૩૧૫ ૩૧૫ | ૧૩૫૦૦ | |
| ૩૮ | એસ.વી. આર્ટસ. કોલેજ, અમદાવાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૦૧૦ | - | ૨૦૬૦ | - | ૩૮૬૦ | ૧૦૧૦ | ૬૨૪૦ | - - - | - | - - | - - | - | ૧૪૧૮૦ | |
| ૩૯ | સરદાર વલ્લભભાઈ કોમર્સ કોલેજ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | - | ૧૦૦૦૦ | ૧૪૪૫ | - | ૧૪૩૦ | - | ૩૩૬૦ | ### | ૫૮૪૫ | - | - | - | - | - | ૧૨૦૮૦ | |
| ૪૦ | સી.યુ.શાહ આર્ટસ કોલેજ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૨૪૮ | - | ૩૨૨૯ | - | ૧૯૬૧ | ૨૦૦૨ | ૬૩૯૦ | - - | - | | - | - | ૧૪૮૩૦ | - - |
| ૪૧ | બી.પી.ઈ. & ડીપ્લો. ઈન યોગ એજ્યુ. મહેમદાબાદ | ૨૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૨૯૯૦ | - | ૧૨૭૦ | - | ૬૧૫૦ | ૨૦૦૦ | ૬૪૦૦ | - - | - - | - | - | - | ૧૮૮૧૦ | - |
| ૪૨ | આર.પી. આર્ટસ, કોમર્સ, સાયન્સ, ખંભાત | ૧૦૦ | ૧૦૦૦૦ | ૬૭૦૦ | ૧૬૭૦૦ | ૧૫૦૩ | - | ૧૦૪૬ | - | ૭૬૬ | ૧૦૪૩ | ૫૫૦૦ | - - | - | - - | - | - | ૧૬૭૫૨ | |
| ૪૩ | ચોધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૨૬૭૬ | - | ૪૫૦ | ૧૦૫૫ | ૨૮૫૬ | ૧૦૦૦ | ૫૪૬૩ | - | - | - | - | - | ૧૩૫૦૦ | - |
| ૪૪ | એસ.ડી. આર્ટસ & કોમર્સ, માણસા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૧૦૦૦ | ૪૦૦૦ | ૧૦૨૨ | ૪૭૫૦ | - - | - | - | - | ૨૦૦ | ૧૩૫૮૨ | - |
| ૪૫ | શ્રીમતી એચ.સી.પટેલ આર્ટસ & કોમર્સ, કરજણ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૬૬૨ | | ૯૨૮ | - | ૫૨૮૦ | ૧૦૦૦ | ૧૦૮૦ | ૫૭૦૫ | - | - | - | - | ૧૩૬૫૫ | - |
| ૪૬ | ભવન્સ આર.એ. કોલેજ આર્ટસ /કોમર્સ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૦૦૦ | - | ૧૬૦૦ | - | ૪૦૦૦ | ૧૦૦૦ | ૫૯૦૦ | - | - | | | - | ૧૩૫૦૦ | - |
| ૪૭ | બી.ડી. આર્ટસ કોલેજ માણેકચોક, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૬૦૫ | - - | ૭૯૫ | - | ૨૬૧૬ | ૫૦૦ | ૬૧૩૦ | - | - | | - | - | ૧૦૬૪૬ | ૨૮૫૪ |
| ૪૮ | વાય.એસ.આર્ટસ /કોમર્સ કોલેજ, દેવગઢ બારીયા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૭૦૦ | - | ૨૬૪૦ | - | ૧૫૦૦ | ૧૦૦૦ | ૬૫૫૦ | - | - | - | - | - | ૧૨૦૯૦ | ૧૪૧૦ |
| ૪૯ | નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ | ૧૦૦ | ૧૦૦૦૦ ૦ | ૪૨૦૦ | ૧૪૨૦૦ | - | ૧૫૩૭ | - | ૬૦૦ | ૩૯૫૦ | ૧૦૦૦ | ૫૪૦૦ | - | ## | - | | - | ૧૪૨૯૨ | - |
| ૫૦ | પેટલાદ કોમર્સ કોલેજ, પેટલાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૦૪ | ૬૦૦ | ૧૦૮૦ | ૧૫૪૦ | ૨૧૦૦ | ૧૦૦૦ | ૬૫૬૬ | - | - | | - | - | ૧૩૫૦૦ | - |

૯૬ (૧૦૨)

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૧ | મોહનસિંહ સી. સઠવા આર્ટસ કોલેજ પાવી જેતપુર વડોદરા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૦૦૦ | - | ૨૧૦૦ | - | ૪૦૦૦ | ૧૦૦૦ | ૫૪૦૦ | | - | - | - | - | ૧૩૫૦૦ | - |
| ૫૨ | દેસાઈ સી.એમ. આર્ટસ & કોમર્સ કોલે. વિરમગામ | ૨૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦૦ | ૧૩૫૦૦૦ | ૪૦૯ | ૧૪૭ | ૫૪૦ | ૧૧૯૨ | ૪૨૫૦ | ૧૭૦૬ | ૫૦૭૧ | - | - | | | ૨૦૦ | ૧૩૫૧૫ | - |
| ૫૩ | પી.એચ.જી. મ્યુ. આર્ટસ & સાયન્સ, કલોલ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૨૨૪ | - | ૨૦૦ | ૧૨૯૨ | ૩૨૬૦ | ૧૦૦૦ | ૫૫૦૦ | - | | - | - | - | ૧૩૫૦૦ | - |
| ૫૪ | નટવરસિંહ આર્ટસ, સાયન્સ, કોમર્સ, છોટા ઉદેપુર | ૨૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૭૬૦ | - | ૩૦૧૭ | - | ૧૩૬૭ | ૧૦૦૦ | ૭૩૫૬ | - | - | - | - | - | ૧૩૫૦૦ | - |
| ૫૫ | આર્ટસ કોલેજ, લીમખેડા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૩૩૮૬ | - | ૩૨૧૪ | - | ૧૫૦૦ | - | ૫૪૦૦ | - | - | - | - | - | ૧૩૫૦૦ | - |
| ૫૬ | જે.બી.ઠક્કર કોમર્સ કોલેજ, ભુજ.(કચ્છ) | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૩૭૪ | - | ૭૭૬ | ૭૯૬ | ૮૩૩ | ૧૦૦૦ | ૮૭૨૩ | ૬૪૬ | - | - | ૩૫૧ | | ૧૩૫૦૦ | - |
| ૫૭ | તોલાણી કોમર્સ કોલેજ, આદીપુર | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૨૨૪૯ | - | - | - | ૨૦૨૦ | ૧૦૦૦ | ૮૨૨૨ | - | - | | - | - | ૧૩૪૯૧ | - |
| ૫૮ | પી.ડી.પંડ્યા મહિલા કોલેજ,કોમર્સ વટવા અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૫૦૦ | ૫૭૫ | ૬૦૦ | ૧૫૦૦ ૦ | ૪૩૬૦ | ૧૦૦૦ | ૫૪૦૦ | - | - | - | - | - | ૧૩૯૩૫ | - |
| ૫૯ | સી.આર.ગાડી આર્ટસ કોલેજ મુનપુર, પંચમહાલ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૨૫૦ | - | ૧૫૦૦ | - | ૨૦૦૦ | ૧૦૦૦ | ૬૫૨૦ | ૧૮૮૦ | | - | - | ૩૫૦ | ૧૩૫૦૦ | - |
| ૬૦ | એન.એચ.એલ. કોલેજ એલિસબ્રીજ, અ'વાદ | ૧૦૦ | ૧૦૦૦૦ | - | ૧૦૦૦૦ | ૬૦૦ | - | ૧૧૦૦ | - | ૪૧૦૦ | ૧૨૦૦ | ૮૯૭૪ | - | - | - | - | - | ૧૪૯૭૪ | - |
| ૬૧ | જી.એમ.ડી.સી. આર્ટસ & કોમર્સ કોલેજ નખત્રાણા | ૧૦૦ | ૧૦૦૦૦ | ૩૫૦૦ | ૧૩૫૦૦ | ૧૩૩૭ | - | ૩૨૩ | - | - | ૮૧૩ | ૧૧૧૬ | - | - | - | - | - | ૩૫૯૯ | ૯૯૧૬ |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | ૭૦૭૬ | ૬૫૦૦૦૦ | ૨૩૪૦૦૦ | ૮૮૪૦૦૦ | | | | | | | | | | | | | ૮૫૫૫૯૮ | ૨૮૪૦૨ |

૬૨

ફકરા નં.૨૨

વિના ટેન્ડરે પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતા ભાડાના વાહનોના ચુકવણામાં થતી અનિયમિતતા બાબત.

વા.નં.૯૬ થી ૧૦૦ રકમ રૂા.૫૩,૨૫૨/- તા-૨૮/૧૧/૦૨

ગુજરાત યુનિવર્સીટીમાં પરીક્ષા વિભાગ ધ્વારા લેવાનાર પરીક્ષાઓના ખર્ચ જેવા કે પેપર પહોંચડવા, સ્કવોડ ઓબ્ઝવર મોકલવા વગેરે માટે ભાવ કરારથી ટેક્ષી ભાડે રાખી તેનો ઉપયોગ કરી વાહન ખર્ચ ચુકવવામાં આવે છે. આ અંગેના વાઉચરોની ચકાસણી કરતા નીચે મુજબની કેટલીક અનિયમીતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) પાર્ટી ઓન એકાઉન્ટ સદર ૯૩૫૧૦૦૯ હેઠળ શ્રી પી.એમ.પુરોહીતના ખાતે ઉઘડતી સીલક રૂા.૬૦૫૪૨૦.૦૦ હતી એટલે કે તેઓ પાસે ચુકવેલ એડવાન્સ વસુલ લેવાનું બાકી હતુ શ્રી પી.એમ.પુરોહીતની કરારની મુદત તા. ૩૧/૩/૨૦૦૧ ના રોજ પુરી થયેલ હોવા છતાં પણ તેઓ પાસેથી એડવાન્સની રકમ વસુલ લેવામાં કે સરભર કરવામાં આવેલ નથી જે ઈજારદારથી વસુલ લેવી.

(૨) જયારે ચાલુ નાણાંકીય વર્ષમાં તા.૨૨/૧૦/૨૦૦૩ ના રોજના હિસાબમાં અગાઉના ઈજારદાર શ્રી પી.એમ.પુરોહીતની બાકી એડવાન્સની રકમ રૂા.૬૦૫૪૨૦/- શ્રીમતી યુ.પી.પુરોહીતના હિસાબમાં જમા લેવાયેલ છે તો કોની મંજુરીથી જમા લીધેલ છે તેની આ બાબતે જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) ગુજરાત યુનિવર્સીટીની પરીક્ષાઓ દરમ્યાન કયા કયા વાહનો મંગાવવામાં આવ્યા હતા તથા કોના ધ્વારા કઈ કઈ તારીખે પ્રવાસ કરવામાં આવ્યો હતો તેની કોઈ વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવામાં આવતું નથી. પરીણામે ચુકવણાં માટે રજુ થતા બીલોની ચકાસણી આધાર વગર

કરવાના કારણે બેવડુ ચુકવણું થવાની શકયતા રહે છે તો આ બાબતે જરૂરી રજીસ્ટર નિભાવી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૪) શ્રીમતી ઉષાબેન પી. પુરોહીત સાથે યુનીવર્સીટીએ ટેક્ષી અંગે ભાવ કરાર કરતાં પહેલા જાહેરખબર આપી ટેન્ડરો મંગાવી, નિયત પ્રક્રિયા અનુસરવી જોઈતી હતી.પરંતુ તેમ થયેલ નથી. વધુમાં ભાવ કરારની જોગવાઈ ન હોવા છતાં શ્રીમતી ઉષાબેન પી. પુરોહીતની અરજી પર જ ઓફીસનોંધ મુકી તેઓની અરજી મુજબનો ભાવવધારો તા.૧૬/૩/૦૩ ના દિવસથી કરી આપવામાં આવેલ હતો. આમ હરીફાઈ યુકત ભાવો મંગાવવા જાહેર ખબર આપી ભાવો મેળવવા અંગેની ટેન્ડર પ્રક્રિયા કરી ભાવો મેળવી તુલનાત્મક પત્રક બનાવી ઓછા ભાવ હોય તેવા ઈજારદાના ભાવ મંજુર રાખવાનું ધોરણ અપનાવેલ હોત તો સંસ્થાને ફાયદો થાત આમ ભાવો મેળવવા અંગે ટેન્ડર પ્રક્રિયા કર્યા સિવાય કરાર કરવા બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે સ્પષ્ટતા કરવી તેમજ જવાબદારની જવાબદારી નકકી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૫) વાપરવામાં આવતા વાહનોની નિયત નમુનામાં લોગબુક નિભાવવામાં આવતી નથી.

(૬) શ્રી યુ.પી. પુરોહીત સામે તા.૧/૪/૨૦૦૨ ના રોજ ટેક્ષી ભાડા માટે ભાવ કરાર ૧/૪/૨૦૦૨ થી ૩૧/૩/૨૦૦૩ સુધીનો કરવામાં આવેલ હતો તેમછતાં તા.૫/૬/૨૦૦૨ નાં રોજ નવો ભાવ કરાર કરી ૧૭/૯/૨૦૦૨ થી નવો ભાવ મંજુર કરેલ છે કરારમાં ભાવ વધારા અંગેની કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોવા છતાં બીલ નં. ૯૯ થી ૧૦૦ તા.૨૮–૧૧–૨૦૦૨ પરિશિષ્ટ–૯ મુજબ નિયતદર કરતાં વધુ ચુકવણુ કરેલ હોઈ તે રકમ રૂ.૫૭૮૦ વસુલાત કરવી.

પ્રા.વાં. નં.૪૫ તા.૨૫/૫/૦૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાત રૂ.૫૭૮૦/–

વસુલાત રૂા.૬૦૫૪૨૦/-

વાંધા હેઠળ રૂા.૫૩,૨૫૨/-

કુલ વસુલાત રૂા.૬,૧૧,૨૦૦/-

ફકરા નં.૨૩

**૨૦ પાનાની ડમી ઉત્તરવહી અને ચાર પાનાની પુરવણી ઉતરવહીઓની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના પ્રેસના હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ છે કે માહે માર્ચ / એપ્રીલ ૨૦૦૩ ના વર્ષ માટે ૨૦ લાખ ઉતરવહીઓ અને ૨૨ લાખ પુરવણીઓના જથ્થાની ખરીદી કરવા માટે માહે માર્ચ–૨૦૦૩ માં જાહેરાતથી ટેન્ડર ધ્વારા ભાવ પત્રકો મંગાવી ભાવ કરાર પધ્ધતીથી ખરીદ કરવામાં આવેલ. જેની સામે નીચે મુજબની નોંધ આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| વા.નં. ૧૬૩૬ | તારીખ– ૧/૭/૦૩ | રૂા.૧૮૪૦૦૦૦/– |
| વા.નં. ૩૯૩૭ | તારીખ–૧૩/૧૧/૦૩ | રૂા.૧૭૮૮૦૦૦/– |
| વા.નં. ૪૮૩૧ | તારીખ–૨૯/૧૨/૦૩ | રૂા.૫૨૦૦૦/– |

૨૩.૧ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ કુલ ૨૪૫૨૪૯/– વિદ્યાર્થીઓના ઉતરવહીઓના વપરાશ અંગે ગણતરી કરતા દરેક વિદ્યાર્થીના સરેરાશ સાત વિષય ગણતા ૮૨૪૫૨૪૯×૭ કુલ ૧૭૧૬૭૪૩ ઉતરવહીઓ થાય. આશરે ૧૦ ટકા વધારે છપાવતા કુલ રૂા.૧૮,૮૮,૪૧૭/– છપાવવાની રહે. આમ ૧,૧૧,૫૮૩/– વધુ ઉતરવહી છપાવવા બાબતે સ્પષ્ટતા કરવી. સને ૨૦૦૩–૦૪ ના વર્ષમાં વાર્ષિક વહીવટી અહેવાલની ચકાસણી કરતાં કુલ ૨૫૭૫૦૫ જેટલા વિદ્યાર્થીઓએ યુનિવર્સીટીની વિવિધ શાખાઓની પરીક્ષાઓ આપી હતી. યુનિવર્સીટીના પરીક્ષાર્થીઓની સંખ્યા પછીના વર્ષોમાં પણ સરેરાશ આટલા વિદ્યાર્થીઓ જળવાઈ રહયાનું ધ્યાને

આવેલ છે. આ સરેરાશ જોતાં ૨૨ લાખ ઉત્તરવહીઓ અને ૨૦ લાખ પુરવણીઓના જથ્થાની ખરીદી કોઈપણ રીતે વ્યાજબી ઠરતી નથી.

૨૩.૨ ટેન્ડર રજીસ્ટર રજુ કરેલ ન હોવાથી કોરા ટેન્ડર ફોર્મના વેચાણ તથા તે પૈકી કેટલા પરત મળેલ છે તેની માહિતી મળેલ નથી.

૨૩.૩ રૂા.૩૬૮૦૦૦૦/- ની ટેન્ડર કિંમત જોતાં ઈજારદાર પાસેથી ટેન્ડર કિમતના ૫ ટકાના હિસાબે રૂા.૧૮૪૦૦૦/- જેટલી સિકયોરીટી ડીપોઝીટ વસુલ કરવાની થતી હતી.જેવસુલ કર્યાના કોઈ આધારો ઓડીટને રજુ થયેલ નથી. વધુમાં સ્ટેમ્પ ડયુતી અધિનિયમની જોગવાઈ મુજબ સિકયોરીટી ડીપોઝીટની ૮ ટકા રકમ જેટલી એટલે કે રૂા.૧૪૭૨૦/-ની રકમની સ્ટેમ્પ ઉપર કરાર થવો જોઈતો હતો. પરંતુ ઉપરોકત ભાવ કરાર માટે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કરારનામુ કરવાની ટેન્ડરની શરત નં.૧૭ ની જોગવાઈ હોવા છતાં પણ આવા કોઈ કરાર કરેલ હોય તેમ જણાતુ નથી .તેથી રૂા.૧૪૭૨૦/- ની સ્ટેમ્પ ડયુટી ઈજારદાર પાસેથી વસુલ લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

૨૩.૪ યુનીવર્સીટી મુદ્દણાલયમાં પ્રેસ મેનેજર થી હેલ્પર સુધી વિવિધ સંવર્ગની કુલ ૯૩ જેટલી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. તે પૈકી ૬૬ જેટલી જગ્યાઓ વર્ષ દરમ્યાન ખાલી રહેવા પામેલ હતી. જયારે યુનીવર્સીટી પ્રેસ ધ્વારા વર્ષ દરમ્યાન નાનાંમોટાં મળી કુલ ૧૧૦૦ મુદ્દણ કામ સ્વીકારવામાં આવેલ હતાં. વળી ચાલુ વર્ષ સહીત અગઉના વર્ષોમાં યુનીવર્સીટી ધ્વારા પ્રેસ માટે નવી મશીનરીની ખરીદી પણ કરવામાં આવી છે. આવા સંજોગોમાં કે જયારે છેલ્લા

ઘણા વર્ષોથી પ્રેસ આવક કરવાના બદલે ખોટ કરે છે ત્યારે પુરવણી અને ઉત્તરવહી તૈયાર કરવાની કામગીરી પ્રેસ ધ્વારા કરવામાં આવે તો ખોટ કરવાના બદલે સારી કામગીરી કરી શકે અને નફો મેળવી શકે. આટલા મોટા જથ્થામાં ઉતરવહીઓ તૈયાર કરવાની કામગીરી બહારથી તૈયાર કરાવી લેવા બાબતે સ્પષ્ટતા કરવી ઘટે. આમ યુનિર્વસીટીને પોતાનો પ્રેસ હોવાં છતાં બહારથી કામ કરાવવાની યુનિર્વસીટી કર્મચારીઓ પગાર ભથ્થાનો ખર્ચ નિરર્થક ગણાય.

૨૩.૫ યુનીવર્સીટીએ ઉતરવાહી પુરી પાડવાનો ઓર્ડર નં.૫૮૨૮૬ તા.૧૨/૩/૦૩ થી ૪૫ દિવસમાં એટલે કે ૨૬/૪/૦૩ સુધી તમામ ઉતરવહી પુરી પાડવાનુ નકકી કરેલ પરંતુ શ્રી જય ટ્રેડર્સ ૨૦/૭/૦૩ સુધી એટલે કે ૮૫ દિવસ મોડુ કરેલ હોઈ ટેન્ડરની શરત ૧૫ પ્રમાણે દરેક દિવસના ૫૦૦૦ લેખે ૮૫ દિવસના રૂા.૪,૨૫,૦૦૦/- ઈજારદાર પાસેથી વસુલ કરવાના રહે છે. તે ટ્રક માલીકોની હડતાલના કારણસર મોડુ થયેલ ગણી માંડી વાળેલ હતા. જે કારણ વ્યાજબી જણાતુ નથી તે આ બાબતે જવાબદારે સ્પષ્ટતા કરવી.

૨૩.૬ ૨૦ લાખની ઉતરવાહી છાપવા આપેલ હોવા છતાં ઓકટોબર/નવેમ્બરની પરિક્ષા દરમ્યાન માટે ફરીથી ૨ લાખ પુરવણી છપાવી વા.નં.૪૮૩૧ માહે ૧૨/૦૩ થી રૂા.૬૨,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે. પરીક્ષાર્થીઓની સંખ્યા, ૨૨ લાખ પુરવણી છપાવ્યાને ખર્ચ તથા વર્ક ઓર્ડર તેમજ પરીક્ષાના સમયગાળાની ગણતરી કરતાં વધારાની બે લાખ પુરવણીની જરૂરીયાત યથાર્થ યોગ્ય જણાતી નથી. તે બાબતે સ્પષ્ટતા કરવી.

પ્રા.વાં. નં.૭૩ તા.૧૮/૬/૦૯ નો સંસ્થાનો જવાબ માન્ય રાખવામાં આવતો નથી.

વાંધા હેઠળ રૂા.૩૬,૮૦,૦૦૦/-

વસુલાત રૂા.૪,૩૯,૭૨૦/-

વસુલાત સ્ટેમ્પ ડયુટી રૂા.૧૪,૭૨૦/-

વસુલાત પેનલ્ટી રૂા.૪,૨૫,૦૦૦/-

ફકરા નં.૨૪

ઉતરવહી તથા પુરવણીની વહેચણીની તથા પરત જમા થયેલ સ્ટોકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩-૦૪ ના અન્વયેષ્ણ દરમ્યાન યુનીવર્સીટી પ્રેસ ખાતે નિભાવવામાં આવેલ ઉતરવહીઓના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે પ્રમાણે અનીયમીતતા જણાયેલ હતી.

| વિગત | મુખ્ય ઉતરવહી | પુરક ઉત્તરવહી |
|---|---|---|
| ખરીદી | ૨૦૦૦૦૦૦ | ૨૨૦૦૦૦૦ |
| કોલેજોમાંથી પરત | ૧૫૫૪૩૩ | ૨૪૧૭૫૯ |
| વપરાશ | ૨૨૯૭૮૮૬ | ૩૫૨૩૫૨૫ |

ઉતરવહી સ્ટોક રજીસ્ટરમાં ઉઘડતી સીલક દર્શાવેલ નથી તથા અગાઉના વર્ષનું સ્ટોક રજીસ્ટર રજુ કરેલ ન હોઈ ઉઘડતી સીલકની ખાત્રી થતી નથી.

યુનીવર્સીટીના ૨૦૦૩-૦૪ ના વાર્ષિક અહેવાલમાં દર્શાવેલ વિગત જોતા યુનીવર્સીટી સંલગ્ન કુલ ૨૨૩ કોલેજો હતી જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩૪૧૬૦ હતી જયારે એક્ષર્નલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩૩૪૫ જેટલી હતી યુનીવર્સીટી ધ્વારા માર્ચ-એપ્રીલમાં ૨૬૩ અને ઓકટોબર- નવેમ્બરમાં ૨૪૦ પરીક્ષાઓ લીધેલ હોત આમ, અહેવાલમાં જણાવેલ વિદ્યાર્થીઓની ૨૫૭૫૦૫ જેટલી સંખ્યાના અનુસંધાને ઉતરવહીઓના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની અનીયમીતતા જણાયેલ હતી.

૨૪.૧ યુનીવર્સીટી ધ્વારા લેવામાં આવેલ વિવિધ પરીક્ષાઓમાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૭૫૦૫ જેટલી હતી જયારે યુનીવર્સીટી ધ્વારા કુલ ૨૨૯૭૮૮૬ ઉતરવહીની વહેંચણી કરેલ હતી. જેમાંથી વપરાશ વિનાની પરત થયેલ ઉતરવહી ૧૫૫૪૩૩ જેટલી હતી. આમ વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં વધારે ઉતરવહીઓ વહેંચવામાં આવેલ હતી. ખરીદી કરતાં વપરાશ વધુ હોઈ તેમજ ઉઘડતી સિલક દર્શાવેલ ન હોઈ બચત રહેલ ઉતરવહી કેટલી હતી તે જાણી શકાયેલ ન હતુ. કુલ ૨૨૩ કોલેજો પૈકી ૧૩૫ કોલેજો ધ્વારા ઉતરવહીઓ પરત જમા કરાવેલ હતી જયારે ૮૮ જેટલી કોલેજો ધ્વારા હિસાબ રજુ થયેલ જણાતો નથી. કે જેમણે વધેલ ઉતરવહીઓના જથ્થો પરત જમા કરાવેલ ન હતો જેથી ચકાસણી કરી જે તે કોલેજોને વિદ્યાર્થીની સરખામણીમાં બચત રહેવા પામેલ ઉતરવહી અને પુરવણીનો જથ્થો પરત મેળવવાની કાર્યવાહી કરી પરિણામ જાણ કરવી ઘટે. બિનવપરાશી ઉતરવહીઓનો આવો જથ્થો કોલેજો પાસે રહેવાના કારણે તેનો દુરુપયોગ થવા સંભવ રહેલો છે તે તાત્કાલિક પરત મેળવી લેવો જોઈએ.

૨૪.૨ યુનીવર્સીટી ધ્વારા ઉતરવહી અને પુરવણીની વહેંચણી પરીક્ષા કેન્દ્ર અને કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાના ધોરણે ન આપતા વધુ પ્રમાણમાં વહેંચેલ હતી પરિણામે આવી ઉતરવહીઓ વધુ પ્રમાણમાં બચત રહેલ હતી. દા.ત. કોલેજોને ઉતરવહી ૨૦૦૦૦૦૦ અને પુરવણી ૨૨૦૦૦૦૦ પુરી પાડવામાં આવેલ. જયારે વપણવપરાયેલ ઉતરવહીઓ ૧૫૫૪૩૩ તથા પુરવણી ૨૪૧૭૫૯ પરત કરવામાં આવેલ, આમ બીન જરૂરી ઉતરવહીઓ મોકલવાના કારણે ઉતરવહીઓના સ્ટોકની વધુ પ્રમાણમાં ખરીદી કરવી પડે જેના આધારે

વધારે નાણાં વપરાશ વગર રોકાઈ રહે જે યુનીવર્સીટીને નુકશાન થયુ ગણાય. વિદ્યાર્થીઓની સંખ્યાના ધોરણે કે તેનાથી થોડી વધારે ઈસ્યુ કરવામાં અ આવે તો જે તે નાણાકીય વર્ષમાં છપામણીનો ખર્ચ ઓછો થાય તેમ હતો.

ઉક્ત બાબતે અગાઉના વર્ષોમાં પ્રા. વાંધા ધ્વારા સુચનો કરવામાં આવેલ હોવા છતાં પણ અનીયમીત વહેંચણી થયેલ જણાય છે. વધારે પડતો જથ્થો પરત આવે તે પરથી જાણી શકાય કે વિદ્યાર્થીઓ પરિક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેની સંખ્યાના પ્રમાણે આવી ઉતરવહીઓ પુરી પાડવામાં ન આવતાં બીન જરૂરી જથ્થો મોકલી આર્થીક નુકશાન ભોગવેલ છે. છપામણી અને અન્ય ખર્ચ ઉપર પણ અસર પડેલ છે જે ધ્યાને લઈ વધારે પડતો જથ્થો ન પુરો પાડતા વિદ્યાર્થીઓની સંખ્યાના ધોરણે પુરો પાડી આ અંગે જરૂરી નિયંત્રણ લાવી ધોરણસરની કાર્યવાહી કરવા ઓડીટનું સુચન છે.

પ્રા.વાં. નં.૭૪ નો સંસ્થાનો ખુલાશો માન્ય રાખી શકાય તેમ ન હોઈ આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા નં.૨૫

ઉતરવાહી ગુણ ચકાસણી અને પુનઃ મૂલ્યાંકનમાં ધ્યાને આવેલ ભુલો માટે દંડનીય રકમ વસુલ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના અન્વેષણ દરમ્યાન યુનીવર્સીટીના તૈયાર કરવામાં આવેલ વાર્ષિક અહેવાલની વિગતો મુજબ ઉતરવહીઓની ગુણ ચકાસણીમાં ગુણ સુધારવાની કુલ સંખ્યા ૩૬૮ અને પુનઃ મૂલ્યાંકનમાં ગુણ સુધારાની સંખ્યા ૬૩૩ એમ કુલ ૧૦૦૧ કિસ્સાઓમાં ક્ષતિઓને કારણે ગુણ સુધારાના અને પરિણામ સુધારવાના કેસો બનવા પામેલ હતા.

ગુજરાત યુનિવર્સીટી એકઝીકયુટીવ કાઉન્સીલની અનુમતીએ માર્ચ–એપ્રીલ ૧૯૮૭ થી અમલમાં આવેલ મહેનતાણાના દરો મુજબ એકઝામીનરો, પેપર સેટર વગેરેને પરીક્ષાના કામ સબબ ચુકવણા કરવાના થાય છે. " Scale of remuneretion of examiners off ની બુકલેટ ભાગ–૧, પાના નં. ૧૧ ની નોંધ "Panelty of cammitting mistakes ની જોગવાઈ મુજબ ઉપર મુજબના ૧૦૦૧ કિસ્સાઓમાં પેપરચકાસણી વખતની ભુલોના કારણે ગુણ સુધારવાના કેસો બનવા પામેલ જે મુજબ પેપર સેટર્સ, એકઝામીનર્સ, માર્કસીટ વગેરેને લગતા મહેનતાણાના ચુકવણાની કરવામાં આવેલ જોગવાઈ મુજબ એક ભુલ દીઠ લઘુતમ ૫૦/– પેનલ્ટી વસુલ કરવાની જોગવાઈ હોઈ વર્ષ દરમ્યાન જવાબદારો પાસેથી વસુલાત કરવાપાત્ર રકમ રૂા.૫૦૦૫૦ ( ૧૦૦૧ ભુલ X રૂા.૫૦ ) વસુલ કરી ઓડીટને ખાત્રી કરાવવી.

પ્રા.વાં. નં.૭૫ તા.૧૮/૬/૦૯ નો સંસ્થાએ કોઈજ જવાબ કરેલ નથી.

વસુલાત પાત્ર રૂા.૫૦૦૫૦/-

ફકરા નં.૨૬(અ)

જુદા જુદા પ્રકાશનોના વેચાણ ધ્વારા ઉપજેલ આવકમાં જણાયેલ અનીયમીતતા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ધ્વારા જુદા જુદા પ્રકાશનોના વેચાણની કામગીરી પ્રકાશન વિભાગને સોંપવામાં આવેલ છે. સને ૨૦૦૩–૦૪ ના વર્ષ દરમ્યાન વસુલ કરવામાં આવેલ રકમ રૂા.૧,૨૬,૮૨,૯૫૭/– ની જુદા જુદા પ્રકાશનોની વેચાણ કિંમત પેટે પહોંચો આપવામાં આવેલ છે જેમાં નીચે મુજબની અનીયમીતતા ધ્યાને આવેલ છે.

પ્રકાશન વિભાગ ધ્વારા વેચાણ કરવામાં આવતા જુદા જુદા ફોર્મ, વર્કબુક વગેરેના વેચાણ પેટે મેળવેલ રકમ રૂા.૧,૨૬,૮૨,૯૫૭/– ગુજરાત યુનીવર્સીટીની આવક ગણાય. સને ૨૦૦૩–૦૪ ના હિસાબમાં આવી પુરેપુરી રકમ હિસાબોમાં જમા લેવાવી જોઈએ.જયારે ૨૫ ટકા લેખે ચુકવાતું કમીશન અલગથી હીસાબોમાં ખર્ચ તરીકે ઉધારવું જોઈએ. પરંતુ તેની પહોંચોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે પ્રકાશન વિભાગ ધ્વારા વર્કબુકોનું વેચાણ બારોબાર જે તે કોલેજોને કરવામાં આવેલ છે. અને જેટલી વર્કબુકોનું વેચાણ કરવામાં આવેલ હોય તેની કિંમત મુજબ ગણત્રી કરતાં તેટલી રકમ વસુલ કરવામાં આવેલ નથી. અને તેમાંથી ૨૫ % જેટલી રકમનું કમીશન બારોબાર આવી આવકમાંથી કાપી લઈ તેટલી રકમની આવક ઓછી બતાવવામાં આવે છે. એમ ન કરતાં હીસાબોમાં જરૂરી સુધારો કરવા ઓડીટનું સુચન છે.

ઉકત પ્રથાને કારણે યુનીવર્સીટીની સાચી આવક ધ્યાને લેવાતી નથી. વર્ષ દરમ્યાન આવા કમિશન પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ તેનો કોઈ જાણકારી કે સાચો ચીતાર મળતો નથી.

વધુમાં કન્ઝ્યુમર સ્ટોરને આવા ફોર્મસ કમીશનથી વેચાણ આપવા બાબતે લેવાયેલ નિર્ણયના જરૂરી આધારો ઓડીટ સમક્ષ રજુ કરવામાં આવેલ ન હતા. પ્રા.વાં.નં.૭૧ ની યોગ્ય પૂર્તતા થયેલ નથી. અમલવારી ન થાય ત્યાં સુધી પૂર્તતા ગ્રાહય રાખી ન શકાય.

ફકરા નં.૨૬(બ)

પ્રકાશન વિભાગ ધ્વારા બિનજરૂરી રીતે વધુ પ્રમાણમાં ફોર્મ વગેરે છપાવીને સ્ટોકમાં રાખી નાણાંનું રોકણ કરી રાખવા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના અન્વેષણ દરમ્યાન પ્રકાશન વિભાગ ધ્વારા જુદા જુદા પ્રકારના ફોર્મ તથા સાહિત્ય વગેરે જે તે વર્ષની વપરાશના ધોરણે ખરીદીને કે છપાવીને સ્ટોક રજીસ્ટરે નોંધવામાં આવે છે. પાછળના વર્ષના વપરાશના આધારે આવા ફોર્મ વગેરેનું છાપકામ કરાવવું જરૂરી હોય છે તેમ છતાં આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ નં–૯ મુજબ વિવિધ પ્રકારના ૫૬૯૪૧૦ જેટલા પ્રકાશનો/ફોર્મ્સનો જથ્થો બંધ સીલક તરીકે જોવા મળે છે. જેનું નાણાંકીય મુલ્ય કુલ રૂા.૯૨૧૫૩૩૧/– જેટલું થવા પામે છે. આમ જરૂરીયાત કરતાં વધુ પ્રમાણમાં સાહિત્ય, ફોર્મ વગેરે છપાવવા/ખરીદવાના કારણે બીનજરૂરી રીતે રૂા.૯૨૧૫૩૩૧/– જેટલી માતબર રકમનું બીનજરૂરી રોકાણ થયેલ છે. જે જવાબદારે સ્પષ્ટતા કરવી.

૨૬.૨ કેટલાક એવા પ્રકારના ફોર્મ છે કે જેનો વપરાશ વર્ષમાં ઓછો થવા પામેલ હોય અને બંધ સિલકમાં ખેંચાઈ આવેલ જણાય છે. દા.ત. પી.જી. ટીચર માન્યતા ક્રમાંકઃ નં.૩૦ કે જેનો વપરાશ વર્ષમાં ઓછો થાય છે અને બંધ સિલક પણ રહેવા પામેલ છે.

૨૬.૩ યુનીવર્સીટીના સને ૨૦૦૩–૦૪ ના વાર્ષિક હિસાબમાં પ્રકાશનોની આવક રૂા.૫૩૪૧૨૮૩/– દર્શાવેલ છે. જયારે પરિશિષ્ટ–૯ કોલમ ૫ માં દર્શાવેલ ફોર્મની સંખ્યાને કિંમત સાથે ગુણતાં છપાવેલા ફોર્મનું નાણાંકીય મુલ્ય કુલ કિમત રૂા.૧૨૬૮૨૯૫૭/–જેટલું થાય છે

આમ છપાયેલ ફોર્મ કરતા આવકનું પ્રમાણ ૪૨% જેટલુ થાય છે. આમ જો વપરાશનો સાચો અંદાજ મેળવ્યા બાદ ફોર્મની છપામણી કરવામાં આવી હોત તો બીનજરૂરી ખર્ચ ટાળી શકાયું હોત.

૨૬.૪ પ્રકાશન સ્ટોક રજીસ્ટરમાં પ્રેસની સ્લીપ આધારે ફોર્મ જમા લીધેલ છે પરંતુ તેની ખાત્રી માટે કોઈ સ્લીપ રજુ કરેલ નથી જેથી ફોર્મ કયાંથી કઈ રીતે મળેલ છે તેની ખાત્રી કરાવવી.

૨૬.૫ ફોર્મ સ્ટોક રજીસ્ટરમાં તમામ નોધો પેન્સીલથી કરેલ છે તથા રજીસ્ટરમાં કોઈ અધીકારીએ સહી કરી અધીકૃત કરેલ નથી. તો તમામ નોંધ અધિકૃત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં. નં.૭૨ તા.૧૨/૬/૦૯ ની વિગતો મુજબ પૂર્તતા કરેલ ન હોઈ, પૂર્તતા ગ્રાહય રાખી શકાય નહી.

ભાવકરાર થયા બાદ વર્ષ પુરૂ થયા પહેલાં ભાવવધારો મંજુર આપેલ તેની વિગત

પરિશિષ્ટ—૯

| બીલ નંબર | તારીખ | મુસાફરીના કિ.મી. | દર | ઠરાવેલ દરે ચુકવવા પાત્ર | ચેકવેલ | તફાવત |
|---|---|---|---|---|---|---|
| ૯૬ | ૨૮/૧૧/૦૨ | ૧૦૪૦ | ૪.૫૫ | ૪૭૩૨ | ૪૯૯૨ | ૨૬૦ |
| | | ૧૫૦૬ | ૩.૩૩ | ૫૦૧૫ | ૫૩૯૧ | ૩૭૬ |
| ૯૭ | ૨૮/૧૧/૦૨ | ૧૦૯૫ | ૪.૫૫ | ૪૯૮૨ | ૫૨૫૬ | ૨૭૪ |
| | | ૧૮૦૬ | ૩.૩૩ | ૬૦૧૪ | ૬૪૬૫ | ૪૫૧ |
| ૯૮ | ૨૮/૧૧/૦૨ | ૧૧૦૭ | ૪.૫૫ | ૫૦૩૬ | ૫૩૧૪ | ૨૭૮ |
| | | ૧૮૦૬ | ૩.૩૩ | ૬૦૧૪ | ૬૪૬૫ | ૪૫૧ |
| ૯૯ | ૨૮/૧૧/૦૨ | ૧૦૯૯ | ૪.૫૫ | ૫૦૦૦ | ૫૨૭૫ | ૨૭૫ |
| | | ૧૮૦૬ | ૩.૩૩ | ૬૦૧૪ | ૬૪૬૫ | ૪૫૧ |
| ૧૦૦ | ૨૮/૧૧/૦૨ | ૭૫૨ | ૪.૫૫ | ૭૫૨ | ૩૪૨૨ | ૨૬૭૦ |
| | | ૧૧૭૫ | ૩.૩૩ | ૩૯૧૩ | ૪૨૦૭ | ૨૯૪ |
| | | | | ૪૭૪૭૨ | ૫૩૨૫૨ | ૫૭૮૦ |

ફકરા નંબર – ૨૭

પ્રેસના કર્મચારીઓને ચુકવવામાં આવેલ ઓવરટાઈમ ભથ્થ, ચાર્જ એલાઉન્સ તેમજ પરીક્ષા ભથ્થું ચુકવવાની અનિયમિતતા બાબત.

૨૭.૧ ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદના સને ૨૦૦૩૪૦૪ ના અન્વેષણ વખતે યુનિર્વસીટીના પ્રેસના ઓડીટ દરમ્યાન યુનિર્વસીટીના ૩૪ કર્મચારીઓને કુલ રૂા.૯૯૮૦૦૮/- જેટલો ઓવરટાઈમ ચુકવવામાં આવેલ હતો. ગુજરાત સરકારની નીતી મુજબ કર્મચારીઓને વિવિધ પગારપંચોની ભલામણો મુજબ અલગ અલગ સમયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવ્યો છે. આ પગાર સુધારણાની વિવિધ શરતો પૈકી એક શરત મુજબ સરકારી કર્મચારીઓને પગાર ઉપરાંત ઓવરટાઈમ ચુકવવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવી છે. યુનિર્વસીટીએ પણ પોતાના કર્મચારીઓને સરકારશ્રીની નીતી મુજબ પગારધોરણ ચુકવેલ હોઈ તેની તમામ સામાન્ય શરતો યુનિર્વસીટીના કર્મચારીઓને પણ લાગુ પડે છે. આમ ઉકત વિગતે હિસાબી સદર ૧૯૨૫૦૦૦ ખાતે ઉધારેલ ખર્ચ રૂા.૯૯૮૦૦૮/- જવાબદાર કર્મચારીઓ પાસેથી વસુલ કરી સરકારી સદરે જમા કરાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં. ૧૦૫ નો સંસ્થાએ જવાબ માન્ય રાખી ન શકાય આ બાબતે સરકારશ્રીની મંજુરી મેળવી ઓડીટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

૨૭.૨ ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદના સને ૨૦૦૩-૦૪ ના અન્વેષણ વખતે પ્રેસના રેકર્ડની ચકાસણી કરતા પ્રેસના કર્મચારીઓને વર્ષ દરમ્યાન એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યા ઉપર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય ચાર્જ એલાઉન્સ ચુકવવામાં આવે છે. સરકારશ્રીના નાણા વિભાગના તા-૧૫/૧૦/૮૬ ના ઠરાવ ક્રમાંક-પી.પી./૧૧૮૬/૧૧૨/ચ. તથા

નાણા વિભાગના તા–૯/૬/૮૭ ના ઠરાવ ક્રમાંક–ઈસીઆર/૧૦૮૭/૧૯/એમ. મુજબ જો કોઈ જગ્યા ૧૨ માસ કરતા વધુ સમય માટે ખાલી રહે તો આવી ખાલી જગ્યા ઉપર સબંધિત સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય ચાર્જ એલાઉન્સ મંજુર કરી શકાતુ નથી. વળી જો આવી જગ્યા ત્રણ વર્ષ કરતા વધુ સમય સુધી ખાલી રહે તો રદ કરવા પાત્ર થાય છે. અને તે તારીખ પછી આવી જગ્યા ઉપર કોઈપણ પ્રકારનું ચાર્જ એલાઉન્સ ચુકવી શકાતું નથી. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો–૨૦૦૨ના પ્રકરણ–૪ ના નિયમ–૪૯ ની જોગવાઈ વિરૂધ્ધ યુનિર્વસીટી ધ્વારા તેના કર્મચારીઓને રૂા.૬૪૪૪૪/– ચાર્જ એલાઉન્સ તરીકે ચુકવવામાં આવેલ છે. જે સબંધીત કર્મચારી પાસેથી વસુલાત પાત્ર થાય છે તો આ વસુલાત કરવા પાત્ર રકમ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવવાની ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં. ૧૦૪ નો સંસ્થાનો જવાબ ગ્રાહય રાખવામાં આવતો નથી.

૨૭.૩ ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના અન્વેષણ દરમ્યાન યુનિ.પ્રેસના રેકર્ડની ચકાસણી કરતા પ્રેસના કર્મચારીઓને ઓવરટાઈમ ઉપરાંત પરીક્ષા ભથ્થુ ચુકવવામાં આવતુ હતું. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા–૧/૫/૭૮ ના ઠરાવ ક્રમાંક–યુએસજી/૪૨૭૦/૨૧૬૧૪/૫ મુજબ જે કર્મચારીઓને ઓવર ટાઈમ મળતો હોય તે કર્મચારીને પરીક્ષા ભથ્થુ મળવાપાત્ર નથી. આવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં અને ઓડીટ ધ્વારા વર્ષો વરસથી વાંધા હોવા છતાં પરીક્ષા ભથ્થાની ચુકવણી અટકાવવામાં આવેલ નથી કે વસુલાત કરવામાં આવેલ નથી. વર્ષ દરમ્યાન હીસાબી સદરે ૧૯૨૨૦૦૦ ખાતે રૂા.૧૨૪૩૬૪/– પરીક્ષા ભથ્થું ચુકવાયેલ છે જે શિક્ષણ વિભાગના તારીખ–૧/૫/૭૮ ના ઠરાવની જોગવાઈ વિરૂધ્ધ હોઈ સબંધીત કર્મચારી પાસેથી વસુલાત કરવાપાત્ર થાય છે તો આવી રકમ જે તે કર્મચારી પાસેથી વસુલ મેળવી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૧૦૩ નો સંસ્થાનો જવાબ ગ્રાહય રાખવામાં આવતો નથી.

વસુલાત રૂા.૧૧૮૬૮૧૬/-

ફકરા નંબર– ૨૮

ગુજરાત યુનિવર્સીટીના વર્ગ–૪ ના કર્મચારીઓના ગણવેશ ખરીદીમાં જણાયેલ અનીયમીતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં ખાતાવહી મુજબના મુખ્ય સદર ૪૬૦૫૦૦ હેઠળ ગણવેશ અંગેનો ખર્ચ ઉધારવામાં આવેલ છે જેમાં વાઉચરોની વિગત નીચે મુજબ છે.

૨૮.૧ ચોથા વર્ગના કર્મચારીઓને ગરમ કાપડ, ગણવેશનું કાપડ, તથા બુટ વગેરે કયાં વર્ષ સુધી પુરા પાડવામાં આવેલ છે તે અંગેની નોંધ રજીસ્ટરમાં રાખવામાં આવેલ નથી.

૨૮.૨ વાઉચરોની ચકાસણી દરમ્યાન વા.નં.૬૭૩ અને ૧૯૫૭ ની સાથે ખરીદીના આધાર તરીકે, કર્મચારીઓના નામની યાદી સહીતના પેટા વાઉચર સામેલ નથી.

૨૮.૩ વા.નં. ૫૫૨૩ તા.૨૮/૧/૦૪ થી ગુજરાત સ્ટેટ હેન્ડલુમને ગણાવેશ ખરીદી માટે અડવાન્સ આપી વા.નં. ૬૧૨૬ તા.૨૯/૨/૦૪ થી આ એડવાન્સ સરભર કરેલ છે.પરંતુ સરભર સરકારી સદરે થયાનું જણાતુ નથી તો થયેલ સરભરની સરકારી સદરે સુધારા એન્ટ્રી કરી ઓડીટને ખાત્રી કરાવવી.

૨૮.૪ વા.નં.૩૫૫૨ તા.૨૪/૧૦/૦૩ થી ખરીદેલ ગણવેશ માટેના કાપડનું બીલ જોતાં આ ગણવેશ ૨૦૦૨–૦૩ ની સાલ માટે ૧૮૮ કર્મચારીઓને પુરુ પાડવા પાત્ર કાપડ તેઓને માટે ૧૦/૦૩ માં ખરીદીને પુરુ પાડેલ છે તો જે તે વર્ષનુ કાપડ જે તે વર્ષે ન ખરીદતાં પછીનાં વર્ષમાં ખરીદવા માટેની સ્પષ્ટતા કરવી.

૨૮.૫ વા.નં.૬૧૨૬ તા.૨૯/૨/૦૪ થી રૂા.૬૯૪૬૦ નો ખર્ચ પાડી નાણાકીય વર્ષ ૨૦૦૩–૦૪ માટે ગણવેશનો ખર્ચ પાડેલ છે તો નાણાકીય વર્ષ પુરૂ થયા બાદ કર્મચારીઓને ગણવેશ પુરો પાડવાની સ્પષ્ટતા કરવી.

૨૮.૬ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં.૯/૬/૯૭ ના ઠરાવ નં. ગણવ/૨૨૮૦/ખ–૩ ભાગ.૨ થી કરેલ જોગવાઈ મુજબ ખરીદી ગુજરાત રાજય હાથશાળ વિકાસ નિગમમાંથી કરવા ઠરાવેલ હોવાછતાં વા.નં.૩૫૫૨ તા.૨૪/૧૦/૦૩ થી રૂા.૧૪૧૮૮૭.૦૦ ની ખરીદી નેશનલ ટેક્ષટાઈલ કોર્પો. પાસેથી ઉચા ભાવે ખરીદ કર્યાનુ ફલિત થાય છે જેમકે વા.નં.૬૧૨૬ તા.૨૯/૨/૦૪ માં શર્ટના કાપડના મીટરનો ભાવ ૩૩.૦૦ રૂા. છે જયારે વા.નં. ૩૫૫૨ તા.૨૪/૧૦/૦૩ માં ૪૨.૦૦ રૂા. છે આમ નીચા ભાવે ખરીદ ન કરવા બાબતે જરૂરી સ્પષ્ટતા કરવી ઘટે.

૨૮.૭ વા.નં. ૩૧૬૭ તા.૬/૧૦/૦૩ થી રૂા.૧૮૦૧૨ નો ખર્ચ કરી ખાખી રેમન્ડ કાપડ ખરીદી એસ્ટેટ વિભાગના સલામતી કર્મચારીઓને પુરુ પાડેલ છે તો આવા ગણવેશ પુરુ પાડવાનુ કોઈ ધોરણ સરકારે ઠરાવેલ હોય તો તે રજુ કરવા જણાવેલ હતુ તેમ છતાં પણ કોઈ આધાર રજુ કરેલ નથી.

૨૮.૮ વા.નં.૪૭૭૬ તા.૨૩/૧૨/૦૩ થી ખર્ચ પાડી ૧૮૮ કર્મચારીઓને ગણવેશ સીલાઈની ચુકવણી કરેલ છે. પરંતુ વાઉચર સાથે તેઓને તે ચુકવણી થયાના આધાર તરીકે કોઈ પહોંચ રજુ કરેલ નથી.

૨૮.૯ વા.નં. ૨૦૬૮ તા.૩૦/૭/૦૩ થી રૂા.૯૧૫૫ ખર્ચ પાડી સલામતી કર્મચારીઓને ૩૩૦ ના ભાવના કાળા બુટ પુરા પાડેલ છે સલામતી સ્ટાફને રૂા.૩૩૦ ના ભાવના બુટ પુરા પાડવા સબંધે જરૂરી આધાર માંગેલ હોવા છતા સંસ્થા ધ્વારા આધારો પુરા પાડવામાં આવેલ નથી.

પ્રા.વાં. નં. ૪૪ નો તા.૨૫/૫/૦૯ નોસંસ્થાનો જવાબ કરેલ નથી. જેથી કરેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા.૨,૨૯,૩૫૯/–

ફકરા નંબર– ૨૯

## ગુજરાત યુનિવર્સીટીના માલીકીના મકાનો ભાડે આપવા અને ભાડા વસુલ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના હિસાબોની ચકાસણી દરમ્યાન એસ્ટેટ વિભાગ ધ્વારા નીભાવવામાં આવતા મકાન ભાડા રજીસ્ટર તથા સાધનીક રેકર્ડની ચકાસણી કરતાં નીચેની અનીમીતતા જણાઈ આવેલ હતી.

૨૯.૧ એસ્ટેટ વિભાગ ધ્વારા યુનિર્વસીટીની બેન્ક, પોસ્ટ ઓફીસ વિગેરેને ભાડે આપેલ મિલકતના કોઈ ભાડા કરારની નકલો ઓડીટને પુરી પાડવામાં આવેલ નથી જેને પરીણામે ભાડા કરારની શરતોનું પાલન થયાનું ઓડીટ ધ્વારા ચકાસી શકાયેલ નથી તો આવી ભાડે આપેલી તમામ મિલકતોના ભાડા કરારની નકલ ઓડીટને સત્વરે પુરી પાડવી.

૨૯.૨ ભાડે આપેલ દુકાનો, સ્ટેટ ઓફ ઓફ ઈન્ડીયા તથા પોસ્ટ ઓફીસના મકાનના કીસ્સામાં મળેલ ભાડાની નોંધ અંગેનુ ભાડા રજીસ્ટર રાખેલ નથી તથા જે પહોંચો રજુ કરેલ છે તેમાં કયા માસનું ભાડુ આવેલ છે તેની નોંધ કરેલ નથી તેથી ઓડીટ વર્ષ દરમ્યાન નીયમીત ભાડુ મળેલ છે કે કેમ તેની ખાત્રી થતી નથી.

૨૯.૩ કાર્યાલય કેન્ટીન અંગે ભાડાની પહોંચ કે ભાડા રજીસ્ટર રજુ કરેલ નથી તેથી ભાડુ નિયમિત આવતુ હોવાની ખાત્રી થતી નથી.

૨૯.૪ દુકાન નં.૧ થી ૪ ના માસીક ભાડાની રકમ વર્ષ પુરુ થયા બાદ એક જ હપ્તામા એક સામટી આવેલ હોવાનું રજુ થયેલ પહોંચો પરથી જણાય છે તો તેઓ જો ભાડુ ચુકવવા અંગે કરેલ વિલંબ અંગે તેઓ સામે શું કાર્યવાહી કરેલ છે તેની સ્પષ્ટતા કરવી.

૨૯.૫ દુકાનોના કીસ્સામાં દુકાન. ૫ નું ૪–૨૦૦૪ થી ભાડામાં વધારો કરેલ છે પરંતુ અન્ય દુકાનોના કીસ્સામાં રેકર્ડ રજીસ્ટરના અભાવે ભાડા વધારાની ખાત્રી થઈ શકેલ નથી તેમજ ભાડા કરારની નકલ ન હોઈ દુકાન નં.૫ ના કીસ્સામાં વધારેલ ભાડુ શરત મુજબ છે કે કેમ તેની પણ ખાત્રી થઈ શકેલ નથી.

પ્રા.વાં. નં. ૪૬ નો તા.૨૫/૫/૦૯ નો સંસ્થાનો જવાબ કરેલ નથી.

ફકરા નં.૩૦

**પ્રકાશનને લગતા જુદા જુદા ફોર્મ્સ વર્કબુક, હેન્ડબુક પુસ્તકો, પ્રશ્નપત્રો, મતદારયાદી વગેરેના સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમીતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદને સને ૨૦૦૩–૦૪ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન પ્રકાશન વિભાગની આવક અને તેના સ્ટોક રજીસ્ટરોની ચકાસણી કરતાં નીચે જણાવેલ અનિયમીતતા ધ્યાને આવેલ હતી.

૩૦.૧ ગત વર્ષ સને ૨૦૦૨–૦૩ તેમજ ચાલુ વર્ષ સને ૨૦૦૩–૦૪ ના સ્ટોક રજીસ્ટરમાં દરેક પ્રકારના સ્ટોકની ઉઘડતી સિલક, કુલ આવક, જાવક અને વેચાણ અને બંધ સીલકની નોંધ પેન્સીલથી ગણત્રી કરી દર્શાવેલ છ. જે ઓડીટ માન્ય ગણાય નહીં.

૩૦.૨ સ્ટોક રજીસ્ટરમાં દર માસના અંતે અને વર્ષને અંતે તારીખજ તૈયાર કરેલ નથી જે તૈયાર કરી અધિકૃત અધીકારીએ પ્રમાણીત કરવી.

૩૦.૩ સ્ટોકની વાર્ષિક ખરાઈ સક્ષમ અધિકારી ધ્વારા નિયમાનુસાર થવી જોઈએ તે થયેલ નથી તેમજ આવો સ્ટોક બરાબર હોવા અંગેનું પ્રમાણપત્ર સ્ટોક રજીસ્ટરમાં અપાયેલ હોવું જોઈએં પરંતુ તે અપાયેલ નથી. જેને કારણે સ્ટોકમાં વધઘટની ખાત્રી થઈ શકતી નથી.

૩૦.૪ સ્ટોક રજીસ્ટરમાં દરેક પ્રકાશનની કિંમત રજીસ્ટરના મથાળે દર્શાવેલ છે પરંતુ ખરીદેલ સ્ટોકની કિંમત કેટલી થાય તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી અને માસના અંતે પણ કિંમતના સ્વરૂપમાં જથ્થાની કુલ ખરીદી, વેચાણ અને આખરી સ્ટોક ન દર્શાવતા સાચી આવક – જાવકનો ઉલ્લેખ થતો નથી. હિસાબી દ્રષ્ટીએ સ્ટોક રજીસ્ટરે જથ્થાની કિંમત દર્શાવવી જરૂરી બને છે જેથી કીમત મુજબની નોંધ થવી જોઈએ. વધુમાં જ્યારે પણ વર્ષની અધવચ્ચે યુનીવર્સીટી સભા તરફથી ફોર્મ ની કીમત વધારવામાં આવે ત્યારે બાકી સ્ટોકની કીમત વધવા પામતી હોય છે. તેથી સ્ટોક રજીસ્ટરમાં હાલની તથા જે તે વખતની કીમત અલગ દર્શાવવી.

૩૦.૫ ફોર્મના સ્ટોક રજીસ્ટરમાં તા.૭/૧/૦૪ ના આદેશથી પાના નં. ૧૫૦ તથા ૧૫૪ પર દર્શાવેલ નવી કોલેજ જોડાણ ફોર્મ કે જેની કીમત રૂા.૨૫/–હતી તે વધારીને રૂા.૧૫૦૦/– કરેલ છે. તો મોટા પ્રમાણમાં ભાવ વધારો કરવા બદલ જરૂરી આધારસશ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

૩૦.૬ પ્રકાશનનો આખરી સ્ટોકની કીમત યુનીવર્સીટીના વાર્ષિક હિસાબોમાં દર્શાવી ઓડીટને ખાત્રી કરાવવી.

પ્રા.વા. નં.૬૩ તા.૧૦/૬/૦૯ ની પૂર્તતામાં ખાત્રી કરાવતાં સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા નંબર– ૩૧

**શ્રી બી.એન.ઉપાધ્યાય હેલ્પર, એસ્ટેટ વિભાગના રાજીનામા બાબત.**

આ યુનિવર્સીટીના એસ્ટેટ વિભાગમાં હેલ્પર તરીકે ફરજખ બજાવતા શ્રી બી.એન.ઉપાધ્યાયે તેમની તા.૭/૭/૦૩ ની અરજીથી તેઓએ તા.૮/૭/૦૩ ની અસરથી સ્વૈચ્છિક રાજીનામુ આપી નોકરીમાંથી છુટા થયેલ છે. અને શ્રી ઉપાધ્યાયનું તા.૮/૭/૦૩ થી રાજીનામુ મંજુર કરી તા.૮/૭/૦૩ ના રોજ બપોર બાદ છુટા કરેલ છે.

ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમ –૨૦૦૨ ના નિયમ–૩૬ ની જોગવાઈ મુજબ એક વર્ષ કરતા વધુ સમયથી નોકરી કરતા સરકારી કર્મચારીને એક માસનો નોટીસ પીરીયડ પુરો થયેથી નોકરીમાંથી છુટા કરવાની જોગવાઈ છે. શ્રી ઉપાધ્યાયના કિસ્સામાં શ્રી ઉપાધ્યાયે તા.૭/૭/૦૩ ના રોજ રાજીનામુ આપી તા.૮/૭/૦૩ થી રાજીનામુ મંજુર કરવા વિનંતી કરતાં શ્રી ઉપાધ્યાયનું રાજીનામુ તા.૮/૭/૦૩ થી કુલસચિવના તા.૮/૭/૦૩ ના પત્રથી મંજુર કરેલ છે. આમ રાજીનામું મંજુર કરેલ કરવાની કાર્યવાહી સરકારશ્રીના ઉકત નિયમની જોગવાઈ વિરૂધ્ધ હોઈ જવાબદારોથી સ્પષ્ટતા કરવી ઘટે.

પ્રા.વા.નં. ૮૯ તા.૧૫/૭/૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ આપેલ નથી.

ફકરા નંબર– ૩૨

હંગામી બિન શૈક્ષણીક કર્મચારીઓની અનિયમિત નિમણુંક કરવા બાબત.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ યુ.એસ.જી.૪૨૮૨/૭૩૮/૫/૫. તા.૨૯/૧/૯૩ ની જોગવાઈ મુજબ સરકારશ્રીની પૂર્વમંજુરી સિવાય કોઈપણ જગ્યા ઉપર કોઈપણ પ્રકારની નિમણુંક આપવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ગુજરાત યુનિર્વસીટી ધ્વારા ઠરાવ તારીખથી ઓડીટ વર્ષ સુધી અલગ અલગ સમયે અલગ અલગ જગ્યા ઉપર કુલ ૧૬૭ જેટલા કર્મચારીઓને અનિયમિત રીતે નિમણુંકો આપી દેવામાં આવી હતી. આવી અપાયેલી નિમણુંકો સરકારશ્રીના ઉકત ઠરાવની જોગવાઈઓ વિરૂધ્ધની હોવા છતાં આવા કર્મચારીઓને સરકારશ્રીના પ્રર્વતમાન પગાર ધોરણો મુજબ પગાર ભથ્થાની ચુકવણી કરવામાં આવી છે.

આવી તમામ અનિયમિત નિમણુંકો બાબત સરકારશ્રીની પાશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવી નિયમિત કરાવવાની કાર્યવાહી કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં. નં. ૩૫ તા.૨૩/૪/૦૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી તેમજ કોઈજ માહિતી પુરી પાડેલ નથી.

ફકરા નંબર– ૩૩

યુનીવર્સીટી સાથેના ગ્રથાલયો માટેના પુસ્તકોની સાચવણી અને નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા બાબત.

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના વર્ષમાં ગ્રંથાલયના સ્ટોક રજીસ્ટરે ૩૩૪૧૧૦ જેટલા પુસ્તકો વર્ષની શરૂઆતમાં તેમાં નાણાકીય વર્ષ દરમ્યાન ૨૭૭૬ જેટલા પુસ્તકોનો વધારો થતાં કુલ ૩૩૬૮૮૬ જેટલા પુસ્તકો હતાં. ગ્રંથાલય રજીસ્ટર તેમજ અન્ય ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

૩૩.૧ ગ્રંથાલય ખાતે સ્ટોક રજીસ્ટર ઉપરની અન્ય વિભાગને ફાળવી આપેલ પુસ્તકો અંગેની માહિતી સ્પષ્ટ રીતે જાણી શકાતી નથી જો અન્ય વિભાગ ને તબદીલ કરેલ પુસ્તકોનું અલગ સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવે તો તેની ગણતરી વેરીફીકેશન શકય બને છે આવા તબદીલ કરેલ પુસ્તકો પરત મેળવવાની અથવા તો સ્ટોક રજીસ્ટરમાંથી રદ કરવાની કાર્યવાહી કરી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે.

૩૩.૨ કુદરતી આફતો જેવા કે વાવાઝોડા, ધરતીકંપ, આગ જેવા નુકશાન સામે પુસ્તકોના સ્ટોક સામે વીમા રક્ષણ મેળવવામાં આવેલ નથી.

૩૩.૩ પુસ્તકોના સ્ટોક બાબતે ચકાસણી કરી ગ્રંથાલય રજીસ્ટરમાં ગ્રંથાલયશ્રી કે અન્ય સક્ષમ અધિકારી ધ્વારા પુસ્તકોની ખરાઈ કર્યાનું પ્રમાણપત્ર દર વર્ષે નિયમિત રીતે અપાવવું જોઈએ જે આપવામાં આવેલ નથી.

૩૩.૪ અન્વેષણ વર્ષ દરમ્યાન ગુમ થયેલ, ચોરી થયેલ કે અન્ય રીતે અપ્રાપ્ય પુસ્તકો માટેની અલગ યાદી તૈયાર કરી સદરહું પુસ્તકો પેટેની કિંમત વસુલ કરેલ હોય તો અથવા અન્ય રીતે નિકાલ કરી સ્ટોક રજીસ્ટરેથી બાદ કરવામાં આવતી નથી. વધુમાં પરત ન થયેલ પુસ્તકો

સબંધિત વાચક પાસેથી પરત લેવાની કે તેની કિંમત વસુલ કરવાની કોઈ કાર્યવાહી કર્યાની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

૩૩.૫ અન્ય વિભાગો કે શાખાઓને ફાળવેલ / તબદીલ કરેલ પુસ્તકોની યાદી અલગથી નિભાવવામાં આવતી નથી.

પ્રા. વા.નં.૭૮ ના જવાબમાં કાર્યવાહી શરૂ કર્યાનું જણાવેલ છે પરંતુ ખાત્રી કરાયેલ નથી.

ફકરા નંબર– ૩૪

પેટા વાઉચર સામેલ રાખ્યા વગર કરવામાં આવેલ ચુકવણા બાબતે

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના હિસાબોની ચકાસણી કરતા વા.નં.૩૬૮,૧૧૧૩, ૨૧૨૧ અને ૩૫૪૩ કુલ ૪ વાઉચર કે જેની રકમ રૂા.૪૪,૩૫૫/– પરિશિષ્ટ–૧૦ મુજબના કીસ્સામાં વાઉચરોની સાથે કોઈ પેટા વાઉચરો સામેલ જણાયેલ નથી. વધુમાં ચકાસણી કરતા વાઉચરમાં માત્ર જે તે ખર્ચ સબંધી વિગત જ દર્શાવવામાં આવે છે પરંતુ ખર્ચ બાબતને સમક્ષ હુકમ સામેલ રાખવામાં નથી સદરહું કીસ્સામાં વાઉચરની સાથે સક્ષમ અધિકારીશ્રીનો હુકમ તેમજ જરૂરી પેટા વાઉચરો સામેલ રાખ્યા બાદ ચુકવણું કરવા ઓડીટનું સુચન છે. ઉકત કીસ્સામાં જરૂરી આધાર પુરા પાડી ઓડીટને ખાત્રી કરાવતા સુધી કરેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા.૪૪૩૫૫/–

પેટા વાઉચર સામેલ ન રાખવાની વિગત દર્શાવતુ પત્રક
પરિશિષ્ટ–૧૦ ફકરા નંબર– ૩૪

| અ.નં. | વાઉચર નંબર | તારીખ | રકમ | |
|---|---|---|---|---|
| ૧ | ૩૬૮ | ૨૪/૪/૦૩ | ૬૪૪૪.૦૦ | કવાર્ટના વીજળી બીલનું વાઉચર |
| ૨ | ૧૧૧૩ | ૨૬/૦૩ | ૩૩૩૧૧.૦૦ | એકેડેમીક વિભાગનું ઓ.ડી. નું વાઉચર |
| ૩ | ૨૧૨૧ | ૩૧/૭/૦૩ | ૩૦૦૦.૦૦ | કાર રીપરીંગનું વાઉચર |
| ૪ | ૩૫૪૩ | ૨૪/૧૦/૦૩ | ૧૬૦૦.૦૦ | કોર્ટફીનું વાઉચર |
| | | | ૪૪૩૫૫.૦૦ | |

ફકરા નંબર– ૩૫(અ)

એન્ડોઉમેન્ટ ફંડના હિસાબો અંગેની અનિયમિતતા

ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના ઓડીટ દરમ્યાન એન્ડાઉમેન્ટના હિસાબો તેમજ સંસ્થાના લેજરો તેમજ એપેન્ડીક્સ (એ) અને (બી) સાથે ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

૧. લેજર કોડ નં ૮૩૦૧૦૦૧ ના એન્ડોમેન્ટ વ્યાજની ચાલુ તા–૧/૪/૦૩ થી રૂા.૩૫,૪૦,૨૨૮/– ઉઘડતી સિલક વત્તા વર્ષ દરમ્યાન આવેલ વ્યાજ રૂા.૨,૬૦,૨૭૬/– મળીને રૂા.૩૮,૦૦,૫૦૪/– બંધ સિલક ઉધાર બાકી દર્શાવેલ આ વ્યાજની આવક જમા બાકી રહેવી જોઈએ જયારે લેજરમાં ઉધારબાકી દર્શાવેલ છે તો ઉધાર બાકી દર્શાવવા આધારસહ સ્પષ્ટતા થવી ઘટે તેમજ આ રૂા.૩૮,૦૦,૫૦૪/– ની રકમ વાર્ષીક હિસાબોમાં કયાં દર્શાવેલ છે તેની પણ સ્પષ્ટતા થવી ઘટે.

૨. લેજર કોડ નં.૮૩૯૧૦૪૩ ટુંકી મુદતના રોકાણો પરના વ્યાજ સદરે ૧/૪/૦૩ ની ઉઘડતી સિલક રૂા.૨,૪૨,૧૯,૯૮૭/– વત્તા વર્ષ દરમ્યાન થયેલ વ્યાજની આવક રૂા.૧,૧૭,૪૩,૪૭૦/– મળી ને કુલ રૂા.૩,૫૯,૬૩,૪૫૮/– માંથી વર્ષનો ખર્ચ રૂા.૪૯,૫૯,૨૭૨/– બાદ કરતા વર્ષના અંતે રૂા.૩,૧૦,૦૪,૧૮૬/– બંધ સિલક જમા દર્શાવેલ છે. ઉકત રૂા.૪૯.૫૯ લાખની એફ.ડી. વટાવવા અંગેના ખર્ચની વિગતો તેમજ એફ.ડી. રજુ અને રસીદની વિગતો રજુ કરેલ નથી.

૩. ઓડીટમાં રજુ થયેલ એપેન્ડીકસ એ દાતાઓ ના દાન અને વ્યાજની આવક રૂા.૫,૧૦,૨૭૬/– દર્શાવેલ છે પરંતુ તેમાં દાનની રકમ રૂા.૨૫૦૦૦૦/– ક્રમ ૨૪૨ થી ૨૫૦ જમા કરવામાં આવેલ છે. આ રકમ તથા દાનના કોલમમાં જમા લેવાના બદલે વ્યાજમાં લેવા માટે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે સ્પષ્ટતા કરવી ઘટે તેમજ આ રૂા.૫,૧૦,૨૭૬/– માંથી બાદ

કરતા રૂા.૨,૬૦,૨૭૬/– ખરેખર વ્યાજની આવક થયેલ છે તેમજ એપેન્ડીકસ બી મુજબ વ્યાજની કુલ આવક રૂા.૨૦૪૫૦૯/– જમા થયેલ છે રૂા.૪,૬૪,૭૮૫/– એન્ડોમેન્ટનું વ્યાજ ગણાય તો આ રકમના બદલે સદર ૮૩૦૧૦૫૫ માં ફકત રૂા.૨૬૦૨૭૬/– જમા લેવા સ્પષ્ટતા થઈ ઘટે તેમજ આ વ્યાજની રકમો એપેન્ડીકસ બી નો ખર્ચ રૂા.૭૭,૪૧૪/– નો કરેલ છે તો તે અંગેની ફાઈલો ઓડીટમાં રજુ કરવી ઘટે તેમજ આ એપેન્ડીકસ જે તે સક્ષમ અધિકારીની સહીથી પ્રમાણીત થયેલ નથી તો તે અંગે કયા કારણોસર અધિકારીની સહી કરવામાં આવેલ નથી તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

૪. જે તે સમયે દાતાઓ તરફથી દાન આપેલ (૨૧૭ જેટલા દાતાઓ છે) તે સમયે દાનના વ્યાજમાંથી શીલ્ડ/સ્કોલરશીપ/રોકડ વિગેરે આપવા માટે નિયમો પણ ઘડેલ છે તેમ છતાં સને ૨૦૦૩–૦૪ માં આ નિયમો અન્વયે ચંદ્રકો એનાયત થયેલ નથી તેમજ સ્કોલરશીપ પણ આપવામાં આવેલ નથી એટલે આ અંગેનો કોઈ ખર્ચ પડેલ નથી તો કયા કારણોસર દાનના વ્યાજ રૂા.૨,૬૦,૨૭૬/– માં કોઈ ખર્ચ પડેલ નથી તેની સ્પષ્ટતા થવી ઘટે આ ખર્ચ ન પાડવાના કારણે દાનનો હેતુસરતો નથી તો નિયમો વિરૂધ્ધ કાર્યવાહી કરવા સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વા.નં. ૬, તા–૭/૨૪૦૯ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી.

ફકરા નંબર– ૩૫(બ)

એન્ડોઉમેન્ટ ફંડના રેકર્ડમાં થતી અનિયમિતતા અંગે

---

ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના ઓડીટ દરમ્યાન એન્ડોમેન્ટ ફંડના રોકાણ રજીસ્ટર લેજરો તેમજ વાર્ષીક હિસાબોની ચકાસણી કરતા નીચે મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

૧. એન્ડોઉમેન્ટના રોકાણ રજીસ્ટરમાં માસવાર/ વર્ષવાર તારીજ કાઢવામાં આવતી નથી તેમજ સિલકો કાઢેલ નથી જેથી લેજરો તેમજ વાર્ષીક હિસાબ અને બેન્કમાં તેટલા જ રોકાણો છે તેની ખાત્રી થતી નથી.

૨. રોકાણ રજીસ્ટરોમાં નોંધેલ ડીપોઝીટ રેકડ કેશબુકની સિલકની જેમ ગુજરાત નાણાકીય નિયમોની જોગવાઈ મુજબ વેરીફાઈ કરી ભૌતિક ચકાસણી નું પ્રમાણપત્ર સબંધીત રજીસ્ટરમાં સક્ષમ અધિકારીશ્રીએ આપવાનું હોય છે જે પ્રમાણપત્ર કે નોંધ સબંધીત રજીસ્ટરમાં આવે ત્યારે નોંધવામાં આવેલ રોકાણ સામે તેમજ રીવ્યુ કે વટાવતી વખતે જવાબદાર અધિકારીશ્રીએ સહી કરી પ્રમાણીત કરવાનું હોય છે તે પણ કોઈ એન્ટ્રીઓમાં સહી થયેલ નથી તો આ અંગે સ્પષ્ટતા થવી ઘટે.

૩. એન્ડોઉમેન્ટ ફંડનું રજીસ્ટર સ્પષ્ટ યુનિર્વસીટીના સહી સિકકા રજીસ્ટરે ચઢાવેલ નથી તેમજ ઉપયોગમાં લેતા પહેલા સક્ષમ અધિકારીએ જરૂરી પ્રમાણપત્ર આપવાનું હોય છે તે પ્રમાણપત્ર આપેલ નથી તો આ અંગે સ્પષ્ટતા કરી સહી સિકકો રજીસ્ટરે ચડાવી પ્રમાણપત્ર આપી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

૪. રોકાણો અને ટુંકી મુદતની થાપણની રસીદો ભૌતિક રીતે સક્ષમ અધિકારીશ્રી અથવા

સંસ્થાના વડાના કબજામાં સેઈફ કસ્ટડીમાં રાખવી જોઈએ તેના બદલે વર્ગ–૩ ના કર્મચારી (કેશીયર) પાસે રાખવામાં આવે છે તો આ અંગે સ્પષ્ટતા કરી હવે પછી વર્ગ–૩ ના કર્મચારીના બદલે સક્ષમ અધિકારીના કબજામાં રહે તેવી કાર્યવાહી થવી ઘટે.

ઉકત રસીદો કેશીયર પાસે રાખેલ છે તેની પાસેથી નિયમોનુસાર જામીનખત મેળવેલ છે કે કેમ? તેમજ કેટલી રકમના જામીન મેળવેલ છે તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વા.નં.૭, ના જવાબમાં પેટા ફકરા નંબર– નં.૧ નો જવાબ આપેલ છે બાકીના પેટા ફકરાનો જવાબ ન હોઈ આ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા નંબર– ૩૫(ક)

**એન્ડોઉમેન્ટ ફંડના મળેલ રકમોનો લાંબા સમયથી ઉપયોગ ન કરવા બાબત.**

ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના ઓડીટ દરમ્યાન એન્ડાઉમેન્ટ ફંડ, લેજર તેમજ રજુ કરેલ પરિશિષ્ટો પૈકી પરિશિષ્ટ–બી માં દર્શાવેલ ફંડો પૈકી નીચે મુજબના નમુના રૂપ કિસ્સાઓ મુજબ મળેલ ફંડ ૨૦ વર્ષ ઉપરનો સમય થયો છતાં વપરાશ થયેલ નથી.

| ક્રમ | કોડ નંબર | ફંડનું નામ | રકમ રૂા. | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | 3803002 | બીઝનેસ મેનેજમેન્ટ ફંડ | 2048877 | 1/4/94 |
| ૨ | 8303003 | દામોદરદાસ ચેરીટેબલ ટ્રસ્ટ | 285461 | " |
| ૩ | 8303005 | ટેકસટાઈલ કેમેસ્ટ્રી ફંડ | 6577153 | " |
| ૪ | 8303006 | ઈન્ડસ્ટ્રીયલ એનાલીઝસ કેમ ઈન્ડસ્ટ્રીઝ ફંડ | 501836 | " |
| ૫ | 8303009 | સરદાર વલ્લભભાઈ વાંચન કેન્દ્ર | 385206 | " |
| ૬ | 8303017 | આઈ.એ.એસ.કલાસ ફંડ | 289114 | " |
| ૭ | 8303018 | મેનેજમેન્ટ કલાબ ફંડ | 182428 | " |
| ૮ | 8303150 | જીમનેશીયલ બીલ્ડીગ | 334858 | " |
| ૯ | 8303160 | એગ્રીકલ્ચર રીસર્ચ ફોએઈડ | 245519 | 1/4/86 |
| ૧૦ | 8303167 | એન.કે.ચેરીટેબલ ટ્રસ્ટ | 126375 | 1/4/86 |
| ૧૧ | 8303199 | એ.જી.ટ્રસ્ટ | 138179 | 1/4/94 |
| ૧૨ | 8303212 | જવાહરલાલ નહેરૂ શતાબ્દી | 500000 | 1/3/91 |
| | | | 11615006 | |

ઉપરોકત એન્ડોમેન્ટ ફંડ ખાતે જે તે સમયે દાતાઓ એ ભવનો બાંધવા કે અન્ય હેતુ માટે યુનિર્વસીટી ને દાન પેટે રકમો આપેલ હતી પરંતુ આ યુનિર્વસીટી એ આજે ૨૦–૨૨ વર્ષ બાદ પણ ઉપયોગ કર્યા વગર પોતાના ખાતે જમા બોલાવી રાખી મુકેલ છે તો દાતાઓ તરફથી મળેલ ડોનેશન જે તે હેતુ માટે કયા કારણોસર વાપરેલ નથી તેની આધારસહ સ્પષ્ટતા કરી જે હેતુ માટે મળેલ ડોનેશનનો યોગ્ય ઉપયોગ કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વા.નં.૮, તા–૭/૨/૦૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

ફકરા નંબર–૩૬

વાર્ષિક હિસાબોમાં અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સીટીના નાણાકીય વર્ષ ૨૦૦૩–૦૪ ના હિસાબોની ધ્વીનોંધી નામા પધ્ધતીના સિધ્ધાંતો મુજબ મુખ્ય સદરવાર આવક– ખર્ચ દર્શાવી વર્ષના અંતે પાકુ સરવૈયુ બનાવી ૩૧/૩/૨૦૦૪ ની સ્થીતી દર્શાવવામાં આવેલ છે આ હિસાબોની ચકાસણી કરી નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

૩૬.૧ ગુજરાત યુનિવર્સીટીને ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર અને યુનીવર્સીટી ગ્રાન્ટ કમીશન ધ્વારા જુદા જુદા હેતુઓ માટે મોટા પ્રમાણમાં ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને તે અંગેની વિગત આ સાથેના પત્રકમાં આસન નં. (૫) માં દર્શાવવામાં આવેલ છે. યુનીવર્સીટી ધ્વારા મળેલ ગ્રાન્ટ માટે અલાયદા ગ્રાન્ટના રજીસ્ટરમાં રાખી હિસાબ નિભાવવામાં આવે છે અને તે રજીસ્ટરમાં આધારે ગ્રાન્ટ આવે છે અને તે રજીસ્ટરો આધારે ગ્રાન્ટ પત્રક તૈયાર કરી ગ્રાન્ટના રીપોર્ટ સાથે સામેલ રાખવા યુટીલાઈઝેશન સર્ટીફીકેટ પત્રકો તૈયાર કરી કુલસચિવની સહી સાથે રાખવામાં આવે છે આ પત્રકોની વાર્ષિક હિસાબ સાથે રાખેલ ગ્રાન્ટ પત્રકો, સાથે ચકાસણી કરતાં આ સાથેના પત્રક–૧ માં દર્શાવ્યા મુજબ ઉઘડતી સિલક, થયેલ ખર્ચ અને બંધ સિલકમાં પત્રકમાં દર્શાવેલ વિગતે ઘણો મોટો તફાવત આવે છે. તા.૩૧/૩/૦૪ ની દર્શાવેલ રકમમાં ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર અને યુ.જી.સી. ગ્રાન્ટમાં અનુક્રમે રૂા.૫૯,૪૭,૭૦૪૮/૮૩, ૫,૮૯,૧૯,૯૭૪/– અને રૂા.૭૨,૭૨,૬૭૩/૩૨ જેટલો મોટો તફાવત આવે છે આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા સહ પુર્તતા થવી ઘટે.

૩૬.૧.૧ યુનીવર્સીટી ધ્વારા ધ્વીનોંધી નામાપધ્ધતી મુજબ હિસાબ તૈયાર કરી પાકુ સરવૈયુ બનાવેલ છે અને તેના ભાગરૂપે ગ્રાન્ટના પત્રકો બનાવી સામેલ રાખેલ છે. તેમાં ઉપર દર્શવ્યા મુજબ તફાવતના કારણો જણાવવા તથા વાર્ષિક હિસાબ સાથેના પત્રકો મુજબ મેળવણુ કરી સુધારેલ ગ્રાન્ટ પત્રકો ઓડીટમાં રજુ થવા વિનંતી.

૩૬.૧.૨ યુનીવર્સીટીના વાર્ષિક હિસાબ યુનીવર્સીટીએ નિમેલ ઓડીટર ( ચાર્ટડ એકાઉન્ટન્ટ) ધ્વારા પ્રમાણીત થાય છે અને યુનીવર્સીટીની એકઝીકયુટીવ કાઉન્સીલ ધ્વારા મંજુર થયેલ છે અને ઓડીટ ધ્વારા પણ વાર્ષિક હિસાબો પ્રમાણીત કરવાના રહેતા હોઈ, તેનાથી વિરુધ્ધની વિગતો ધરાવતા ગ્રાન્ટ પત્રકો ઓડીટમાં માન્ય રાખી શકાય નહીં.

૩૬.૨ ધ્વિનોંધી નામા પધ્ધતીના સિધ્ધંત મુજબ વણવપરાયેલ ગ્રાન્ટ દેવાં-જવાબદારી તરીકે અને મળેલ ગ્રાન્ટ કરતાં થયેલ વધારાનો ખર્ચ ( માઈનસ સિલક ) મિલકત લેણા બાજુ લેણા તરીકે દર્શાવવો જોઈએ. જયારે યુનીર્વસીટી ધ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબો સાથેના પરિશિષ્ટ બી.સી.ડી.ઈ માં કુલ જમા રકમમાંથી કુલ ઉધાર રકમ બાદ કરીને ચોખ્ખી જમા રકમ સરકારી ગ્રાન્ટ બાકી તરીકે ફંડ અને દેવાં બાજુ દર્શાવવામાં આવેલ છે આમ આ સાથે પત્રક મુજબ રૂા.૯,૬૬,૮૮,૬૪૮/૬૬ માઈનસ સિલક જમા સિલકમાંથી બાદ કરી દર્શાવવામાં આવેલ છે અને તેથી તેટલા અંશે જવાબદારી ઓછી દર્શાવેલ છે અને મિલકતના લેણાં બાજુ લેણાં પણ ઓછા દર્શાવવામાં આવેલ છે. અને તેથી તેટલા લેણાં વાર્ષિક હિસાબ ખામીયુકત ગણી શકાય.

૩૬.૩ યુનીવર્સીટીના વાર્ષિક હિસાબમાં વર્ષના અંતે બાકી રહેલ એડવાન્સ અને બીજા ખાતાના રૂા.૫,૯૫,૦૪૯૬૯/૭૩ મિલકત લેણાં બાજુ દર્શાવેલ છે આમ, આટલી મોટી

રકમ જે તે કામ હેતુ જેવા કે પરીક્ષાની કામગીરી માટે ભવનોની ખરીદી માટે, કોલેજોની પરીક્ષની કામગીરી તથા અન્ય કામગીરી માટે તેમજ કર્મચારીઓને ચોકકસ કામગીરી માટે આપેલ એડવાન્સ પૈકી હિસાબમેળ/સરભર થયા વગરના બાકી ખેંચાયેલ છે, ખરેખર જયારે ચોકકસ હેતુ / કામગીરી માટે એડવાન્સ ચુકવેલ છે તેથી કામગીરીનો થયેલ હશે પરંતુ હિસાબમેળ થયેલ ન હોવાથી જે તે ખર્ચ માટે ઉધાર થયેલ નથી અને પરિણામે યુનીવર્સીટી ધ્વારા દર્શાવેલ કુલ ખર્ચ રૂા.૨૭,૮૧,૯૯,૩૪૮/૨૫ માં જેટલો ખર્ચ વર્ષના અંત સુધીમાં થયેલ છે તેટલા અંશે ઓછા દર્શાવેલ ગણાય વધુમાં વર્ષ દરમ્યાન કુલ રૂા.૨૭,૮૧,૯૯,૩૪૮/૨૫ ના ખર્ચ સામે ૫,૯૫,૦૪,૯૬૯/૭૩ બાકી રહેલ એડવાન્સ કુલ ખર્ચના ૨૧.૩૫ % જેટલી થાય છે જે બાકી એડવાન્સની ઘણી મોટી રકમ ગણાય.

આ ઉપરાંત જો ઉપરોકત રકમ પૈકી વર્ષનાં અંત સુધીમાં થયેલ ખર્ચ એડવાન્સ સામે સરભર કરી ખર્ચ ખાતે ઉધારવામાં આવેલ હોત તો આવક કરતાં ખર્ચનો વધારો જે રૂા.૧૬,૩૪,૭૫૯/૨૨ દર્શાવેલ છે તે વધવા પામત અને તેટલા અંશે આવક ખર્ચના હિસાબો પણ ક્ષતિયુકત ગણી શકાય.

૩૬.૪ યુનીવર્સીટી વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતો તરીકે નીચે મુજબ વિગતો છે.

| | |
|---|---|
| ઉઘડતી સીલક | ૯,૭૧,૫૫,૪૮૧.૭૬ |
| વર્ષ દરમ્યાન ઉમેરો | ૫૭,૭૭,૯૯૩.૦૦ |
| | ૧૦,૨૯,૩૩,૪૭૪.૭૬ |
| ઘસારો | ૬,૫૦,૧૧,૩૩૩.૧૨ |

| | |
|---|---|
| | ૩,૭૯,૨૨,૧૪૧.૬૪ |

આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા સહ પુર્તતા થવી જરૂરી છે.

૩૬.૪.૧ યુનીવર્સીટીની કુલ મિલકતો કે જેમાં યુનીવર્સીટીના મકાનો, જમીન, ફર્નિચર, જમીન ફર્નિચર, વૈજ્ઞાનીક સાધન સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમાં ચાલુ નાણાકીય વર્ષના અંતે રૂા.૧૦,૨૯,૩૩,૪૭૪/૭૬ મિલકતો સામે કુલ ઘસારો રૂા.૬,૫૦,૧૧,૩૩૩/૧૨ ( પ્રોગ્રેસીવ રકમ ) બાદ કરી ચોખ્ખી મીલકતો, ૩,૭૯,૨૨,૧૪૧.૬૪ દર્શાવેલ છે આ ઘસારાની રકમ મિલકતમાંથી બાદ કરેલ છે પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઈ રોકાણો કરવામાં આવેલ નથી. તો આ રીતે અલગ ફંડ રાખ્યા સિવાય કોઈ રોકાણો કર્યા સિવાય ફકત ઘસારો ગણી મિલકતો ઓછી બતાવવાનું કોઈ તાર્કીક કારણ સ્પષ્ટ થતુ નથી.

૩૬.૪.૨ ધ્વિનોધી નામાપધ્ધતીના સામાન્ય સિધ્ધાંતો મુજબ મિલકતો કોઈ રૂપે ઘસાઈ જાય, બિનઉપયોગી બની જાય ત્યારે નવી મિલકત ઉભી કરી શકાય તે હેતુથી મિલકત પર ઘસારો ગણી ખર્ચ દર્શાવી અલગ ફંડ ઉભુ કરવામાં આવે છે અને તેનુ રોકાણ કરવામાં આવે છે જેથી જયારે નવી મિલકત નવી મિલકત ઉભી કરી શકાય પરંતુ યુનીવર્સીટી ધ્વાર આવુ અલગ ફંડ રાખેલ નથી કે રોકાણ કરેલ નથી અને આમ મિલકતોની પુનઃ ખરીદી કરવા માટેની કોઈ વ્યવસ્થા નથી તેથી ઘસારો બાદ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. વધુમાં ધ્યાન ખેંચતી બાબત એ છે કે કુલ મિલકતો સામે ૬૬.૧, % (૬,૫૦,૧૧,૩૩૩.૦૦ × ૧૦૦ ભાગ્યા ( – ) ૧૦,૨૯,૩૩,૪૭૪.૦૦ ) ઘસારો ઘણી મિલકતો ઓછી કરેલ છે એટલે કે ૬૩.૧૫ % મિલકતો ઘસાઈ ગઈ છે પરંતુ નવી મિલકત ઉભી કરવા કોઈ જોગવાઈ થયેલ નથી કોઈ ફંડ ઉપલબ્ધ નથી તો આ માટે જોગવાઈ ન કરવા બદલ સ્પષ્ટતા થવી જરૂરી છે.

૩૬.૪.૩ યુનીવર્સીટીની મિલકતો યુનીવર્સીટી ગ્રાન્ટ કીમશન, રાજ્ય સરકાર તથા દાતાઅદ પાસેથી મળેલ દાનમાંથી ઉભી કરવામાં આવે છે. યુ.જી.સી. અને રાજ્ય સરકાર ધ્વારા આવી મિલકતો અંગે અલગ રજીસ્ટર રાખવા અને તે મિલકતો અન્ય કોઈને તબદીલ કરવાનો અધિકાર સુરક્ષીત રાખવામાં આવતો હોય છે. તો આવી અન્યની માલિકીની મિલકતો અંગે ઘસારો ગણવા બદલ સ્પષ્ટતા થવી જરૂરી છે.

ઉપરોકત વિગતો જોતાં યુનીવર્સીટીના વાર્ષીક હિસાબ તેટલા અંશે ખામીયુકત ગણી શકાય.

૩૬.૫ યુનીવર્સીટી વાર્ષિક હિસાબમાં ફંડ તથા દેવા બાજુ ડીપોઝીટ એકાઉન્ટ ( પરિશીષ્ટ એચ. ) રૂા.૧૫,૦૮,૬૦,૦૮૮.૭૬ દર્શાવેલ છે. પરંતુ પરિશીષ્ટ એચ. જોતા સ્પષ્ટ થાય છે કે યુનીવર્સીટીની કુલ ડીપોઝીટ ( જવાબદારી ) રૂા.૧૬,૬૬,૯૫,૪૫૨.૯૭ છે અને તેમાં પાર્ટીઓના ખાતાની જમા બાકી રૂા. ૧,૩૬,૨૯,૬૭૧.૧૨ છે તેમાં રૂા.૧,૫૮,૩૫,૩૬૪.૨૧ બાદ કરી ચોખ્ખી જમા રકમ રૂા. ૧૫,૦૮,૬૦,૦૮૮.૭૬ વત્તા ૧૩,૧૫,૦૫૨.૫૧ પી.એફ. જવાબદારી અને (–) રૂા.૩૨,૪૯૬.૨૨ એન્ડાઉનમેન્ટ ફંડ જવાબદારી મળી કુલ રૂા.૧૫,૨૧,૪૨,૬૪૫.૦૫ દર્શાવેલ છે આ અંગે સ્પષ્ટતા થવી ઘટે.

૩૬.૬ પ્રશ્નપત્ર છાપકામ અંગે ખર્ચના વાઉચરો પાર્ટીના બીલ વગેરે ઓન એકાઉન્ટ ચુકવેલ રકમ રૂા.૨,૦૬,૬૨,૫૫૧.૭૦ એડવાન્સ ગણાય તેમછતાં ખર્ચના પાકા સદરે ઉધારેલ છે. ખરેખર તે રકમ ઓન એકાઉન્ટ /એડવાન્સ તરીકે ચુકવેલ ગણાય અને તેથી તેટલા અંશે રૂા.૨,૦૬,૬૨,૫૫૧.૭૦ ખર્ચ વધુ દર્શાવેલ છે અને મીલકત લેતાં બાજુ લેણાં ઓછા દર્શાવેલ ગણાય અને વાર્ષિક હિસાબ તેટલા અંશે ખામીયુકત ગણાય.

૩૬.૭ યુનિર્વસીટી ધ્વારા ઘસારા ખાતે ઉધારેલ રકમ રૂ.૩૩,૭૪,૭૩૯/– સામે જનરલ ફંડમાં રૂ.૧૨,૨૬,૧૪૫/– કેપીટલ ફંડગાં રૂ.૧૦,૭૦,૨૩૦/– અને પુસ્તક ફંડમાં રૂ.૧૦,૭૮,૩૬૪/– મળી કુલ રૂ.૩૩,૭૪,૭૩૯/– ઉપરોક્ત ફંડમાંથી બાદ કરવામાં આવેલ છે આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા થવી ઘટે.

૩૬.૭.૧ વાર્ષિક હિસાબમાં મિલકત લેણાં બાજુ કામયી મિલકતમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો રૂ.૬,૫૦,૧૧,૩૩૩/– દર્શાવવામાં આવેલ છે જ્યારે મુડી – દેવા બાજુ અગાઉ ઉપર જણાવ્યા મુજબ ફક્ત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે. તો મિલકતોના અગાઉના વર્ષો સહીતનો ઘસારો કયા કારણસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

૩૬.૭.૨ ઉપર દર્શાવ્યા મુજબ યુનીવર્સીટીમાં મીલકતો ઉપર ઘસારો મીલકતમાંથી બાદ કરવાની અને બીજી અસર જનરલ ફંડ, કેપીટલ ફંડ અને પુસ્તક ફંડમાંથી બાદ કરવાની પ્રથા છે કાયમી મીલકતો ઉપરનો કુલ ઘસારો ૬,૫૦,૧૧,૩૩૩.૧૨ છે જયારે ઉપર દર્શાવેલ ત્રણેય ફંડોનો સરવાળો રૂ.૩,૬૯,૭૯,૦૭૪.૬૧ ( ૧,૩૧,૧૩,૬૯૩.૦૯ વત્તા ૧,૬૬,૬૭,૧૨૮.૬૬ વત્તા ૭૧,૯૮,૨૫૨.૮૬ ) થાય છે જે કુલ ઘસારાની રકમ કરતાં રૂ.૨,૮૦,૩૨,૨૫૮.૬૧ જેટલો ઓછો છે તો આમ ઘસારાની રકમ કરતા ઉપરોક્ત ત્રણેય ફંડોનો સરવાળો ઓછો થવાના કારણોની સ્પષ્ટતા થવી જરૂરી છે.

આમ, વાર્ષિક હિસાબમાં સિલકોમાંથી અત્યારસુધીનો ઘસારો એકત્રીત બાદ કરી દર્શાવી અને જુદા જુદા ફંડમાંથી ઘસારાની રકમ દેરક વર્ષની વર્ષ પુરતી જ બાદ કરી દર્શાવવાની અલગ પધ્ધતીની કયા હેતુથી રાખવામાં આવેલ છે તે બાબતે પણ સ્પષ્ટતા થવી જરૂરી છે અને આમ ન થવાથી વાર્ષિક હિસાબ ઉપરથી ઘસારાની સ્થિતિનું સાચુ ચિત્ર સ્પષ્ટ થતુ નથી.

૩૬.૮. સને ૨૦૦૩–૦૪ ના વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચમાં રૂા.૧૬,૩૪,૭૩૯/– જેટલો વધારો થવા પામેલ છે જયારે પાકા સરવૈયામાં આવકખર્ચ એકા. (–)૧૩૪૯૦૬૧૯/– દર્શાવેલ છે જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૮ જોતાં યુનીવર્સીટી ધ્વારા તૈયાર કરવામાં આવેલ આવક ખર્ચની સાચી માહિતી અને પાકું સરવૈયુ તા.૩૧/૩/૦૪ ના રોજનું યુનીવર્સીટીની નાણાકીય સ્થિતિનું સાચુ ચિત્ર કરતા નથી તો ઉપરોકત બાબતનોની પુર્તતા કરવી.

મુદ્દા નં. ૨૪ નો સંસ્થાનો જવાબ ગ્રાહય રાખી શકાય નહી.

# પ્રમાણપત્રો

ફ.નં.૩૭ સંસ્થાના હિસાબો અસંતોષકરારક અધુરા હોવાથી તેમજ ઓડીટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડીટ રીપોર્ટમાં સંબધાયેલ વાંધાને લક્ષમાં લેતાં હિસાબો સાચા હોવાનું પ્રમાણિત થીઈ શકેલ નથી.

ઓડીટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટીરૂપ ચકાસણી કરતા હિસાબોની ભિાવણી સંતોષકારક માલુ પડેલ નથી મહત્વાના હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂરી છે.

ફ.નં.૩૮ ઓડીટ દરમ્યાન ૧૦૬ પ્રાથમીક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા જેમાંથી યુનીવર્સીટીએ ૭૩ પ્રાથમીક વાંધાઓના જવાબ કરેલ નથી.

ફ.નં.૩૯ ઓડીટ અહેવાલ મળ્યાની તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

ફ.નં.૪૦ નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ.

નિરિક્ષક ૧૩.૯.૨૦૧૧.
સ્થાનિક ભંડોળ હિસાબ,અમદાવાદ
ગુજરાત રાજય, અમદાવાદ

<u>નકલ સવિનય રવાના</u>

૧. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર,

૨. ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર,

૩. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબની કચેરી, વીમા અને લેખા ભવન, ગાંધીનગર.

અસલમત પર નિરીક્ષકશ્રીની સહી છે.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ

## ગુજરાત યુર્નિવસીટી અમદાવાદના સને ૨૦૦૩–૦૪ ના અન્વેષણ અહેવાલમાં વસુલાત, વાંધા હેઠળ તથા અમાન્ય રકમનું પત્રક

| ક્રમ | ફકરા નં. | વસુલાતની રકમ | વાંધા હેઠળ રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૫ | | ૧૨૬૨૬૬૪૮૪/– | |
| ૨ | ૬ | ૬૨૯૬૧૫૭૮/– | ૪૮૧૭૯૯૨૦/– | |
| ૩ | ૯ | ૩૪૪૩૯૭/– | | |
| ૪ | ૧૦ | | ૩૪૬૫૧૭/– | |
| ૫ | ૧૧ | | ૨૪૧૧૫૬૨/– | |
| ૬ | ૧૨ | | | ૨૬૬૦૦૪૨૯/– |
| ૭ | ૧૪ | | ૧૫૯૦/– | |
| ૮ | ૧૫ | ૯૬૬૨/– | | |
| ૯ | ૧૭ | ૮૯૦૪૬/– | | |
| ૧૦ | ૧૮ | | ૧૪૧૫૮૧/– | |
| ૧૧ | ૨૦ | ૧૫૮૫૨/– | | |
| ૧૨ | ૨૧ | ૪૦૧૦૨/– | | |
| ૧૩ | ૨૨ | ૬૧૧૨૦૦/– | ૨૮૦૪૯૪૦/– | |
| ૧૪ | ૨૩ | ૪૩૯૭૨૦/– | ૩૬૮૦૦૦/– | |
| ૧૫ | ૨૭ | ૧૧૮૬૮૧૬/– | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ૨૮ | | ૨૨૯૩૫૯/- | |
| ૧૭ | ૩૪ | | ૪૪૩૫૫/- | |
| ૧૮ | ૭ | | ૭૨૩૯૬૯/- | |
| | | ૬૫૭૪૮૪૨૩/- | ૧૮૪૮૩૦૨૭/- | ૨૬૬૦૦૪૨૯/- |

## ગુજરાત યુનિવર્સિટીના તા.૩૧–૩–૨૦૦૪ ના રોજનું પાકું સરવૈયું

| ક્રમ | મુડી–દેવાં | ૨૦૦૨–૦૩ | ૨૦૦૩–૦૪ | ક્રમ | મિલકત–લેણાં | ૨૦૦૨–૦૩ | ૨૦૦૩–૦૪ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યુનિ.જન.ફંડ | ૯૬૧૨૦૯૦ | ૧૩૧૧૩૬૯૩ | ૧ | કાયમી મિલકતો | ૩૪૭૩૪૮૬૫ | ૩૭૯૨૨૧૪૨ |
| ૨ | કેપીટલ ફંડ | ૧૬૯૯૧૨૭૭ | ૧૬૬૬૭૧૨૮ | ૨ | રોકાણો | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ |
| ૩ | પુરતક ફંડ | ૭૧૮૮૪૩૧ | ૭૧૯૮૨૫૩ | ૩ | એડવાન્સ અને બીજા ખાતાઓ | ૫૩૪૨૩૩૮૮ | ૫૯૫૦૪૯૬૯ |
| ૪ | બીજા ફંડ | ૬૭૯૫૨૪૫૮ | ૮૬૭૭૨૬૧૭ | ૪ | પેપર સ્ટીલ સીમેન્ટ એકા. | ૧૩૪૬૪૧ | ૩૪૨૨૭૮ |
| ૫ | વણવપરાયેલ સરકારી ગ્રાન્ટો | ૨૦૪૦૮૦૫૨૮ | ૧૩૬૨૨૯૯૧૦ | ૫ | બેંક અને બીજી પુરાંતો | ૩૦૮૪૪૦૯૧૭ | ૩૨૬૬૭૧૪૨૧ |
| ૬ | સસપેન્સ એકા | ૩૬૩૭૫૨ | ૧૧૫૫૨૮ | ૬ | કમચારી વિમાયોજના ફાળાને રોકાણ | ૧૭૦૦૦ | ૧૭૦૦૦ |
| ૭ | ડીપોઝીટ અને બીજા ખાતાંઓ | ૧૦૧૭૭૧૦૨૯ | ૧૫૦૮૬૦૦૮૮ | ૭ | આવક ખર્ચ એકા | ૧૧૬૧૭૩૨૭ | (–)૧૩૪૯૦૬૧૯ |
| ૮ | કમચારી વિમાયોજના ફાળો | ૨૯૯૪૯ | ૨૯૯૭૪ | | | | |
| ૯ | પેપર એકા. | ૩૯૮૬૨૪ | ૦ | | | | |
| | કુલ | ૪૦૮૩૮૮૧૩૮ | ૪૧૦૯૮૭૧૯૧ | | કુલ | ૪૦૮૩૮૮૧૩૮ | ૪૧૦૯૮૭૧૯૧ |

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૦૩-૨૦૦૪

તા. ૩૧ મી માર્ચ ૨૦૦૪ના રોજ પૂરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ.

-: આવક :-

| | | | | | રૂ. | પૈસા |
|---|---|---|---|---|---|---|
| ૧ | પરીક્ષા ફી ની આવક | ૩ | ૮૩ | ૦૯ | ૩૮૩ | ૯૦ |
| ૨ | અન્ય ફી ની આવક | ૧ | ૯૫ | ૫૬ | ૩૯૧ | : |
| ૩ | પ્રકાશનોની આવક | | ૫૩ | ૪૧ | ૨૮૩ | ૧૦ |
| ૪ | ગ્રાન્ટ્સ ની આવક | ૧૬ | ૬૬ | ૬૬ | ૩૯૦ | ૬૬ |
| ૫ | પરચૂરણ આવક | | ૫૦ | ૮૧ | ૭૨૬ | ૨૭ |
| ૬ | અનુસ્નાતક શિક્ષણ કાર્ય | | ૯૫ | ૭૯ | ૦૨૭ | : |
| ૭ | આરોગ્ય કેન્દ્રની આવક | | | ૧૧ | ૧૪૧ | ૩૫ |
| ૮ | અતિથિ ગૃહ ની આવક | | | ૮ | ૯૮૫ | : |
| ૯ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિશિષ્ટ-૩) | | ૨ | ૦૮ | ૪૨૬ | : |
| ૧૦ | જમીનની આવક | | | ૫ | ૫૦૦ | : |
| ૧૧ | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિશિષ્ટ-૪) | | ૨ | ૮૩ | ૫૯૭ | ૩૫ |
| ૧૨ | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિશિષ્ટ-૫) | | ૧ | ૬૩ | ૯૬૯ | : |
| ૧૩ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન (પરિશિષ્ટ-૧૩) | | | ૪૮ | ૯૨૦ | : |
| ૧૪ | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ-૧૪) | | ૪ | ૮૮ | ૧૭૫ | : |
| ૧૫ | ઓરિએનલ તાલીમ સેન્ટરની આવક (પરિ-૧૫) | | ૨ | ૬૩ | ૧૦૦ | : |
| ૧૬ | ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન સેન્ટરની આવક (પરિ-૧૬) | | | ૯ | ૪૦૮ | : |
| ૧૭ | આઈ. એ. એસ તાલીમ વર્ગની આવક | | | | - | : |
| ૧૮ | માસ્ટર ઓફ ફિઝિકલ એજયુકેશન ની આવક | | ૫ | ૩૯ | ૧૬૫ | : |
| | કુલ આવક રૂ. | ૨૭ | ૬૫ | ૬૪ | ૫૮૯ | ૦૩ |
| | આવક કરતાં ખર્ચનો વધારો | | ૧૬ | ૩૪ | ૭૫૯ | ૨૨ |
| | કુલ રૂ. | ૨૭ | ૮૧ | ૯૯ | ૩૪૮ | ૨૫ |

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૦૩ - ૨૦૦૪

તા. ૧.૪.૨૦૦૩ થી તા. ૩૧.૩.૨૦૦૪ ના રોજ પૂરા થતાં વર્ષના

આવક - ખર્ચના હિસાબ.

:- ખર્ચ :-

| ક્રમ | વિગત | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ | કર્મચારી વર્ગ ખર્ચ (રજીસ્ટ્રારશ્રીનું કાર્યાલય) | ૨,૪૮,૩૫,૨૮૪ | ૧૨ |
| ૨ | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | ૪૧,૫૫૬ | = |
| ૩ | પરીક્ષા ખર્ચ | ૬,૪૯,૦૯,૮૧૨ | ૯૭ |
| ૪ | મુસાફરી ભથ્થાં | ૬,૯૫,૭૨૦ | = |
| ૫ | મુદ્રણ, લેખનસામગ્રી તથા ટપાલ ખર્ચ | ૧૬,૪૭,૧૪૧ | ૯૫ |
| ૬ | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃત્તિ વગેરે | - | - |
| ૭ | રમતગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | | |
| | (અ) રમતગમત તથા શિક્ષણ પ્રવૃત્તિ ખર્ચ | ૯,૩૫,૬૫૧ | ૭૫ |
| | (બ) યુવક કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | ૩,૫૦,૧૭૬ | ૨૮ |
| | (ક) રાષ્ટ્રીય સેવા યોજના | ૧૨,૮૯,૯૬૭ | ૧૦ |
| | (ડ) યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખર્ચ | ૨૪,૬૭,૪૦૩ | ૧૫ |
| | (ઈ) અભ્યાસેતર શિક્ષણપૂરક પ્રવૃત્તિ યુનિ. સપ્તાહ વગેરે | ૬૮,૨૨૪ | ૧૮ |
| ૮ | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | ૬,૧૮,૬૯૧ | = |
| ૯ | વીમા અન્ય કર તથા કાનુની ખર્ચ | ૩૦,૭૩,૬૯૫ | ૨૯ |
| ૧૦ | બીજાં કાર્યાલય ખર્ચ | ૯૭,૭૧,૭૧૬ | ૨૮ |
| ૧૧ | બીજી સંસ્થાઓની સભાસદ ફી | ૭૯,૧૦૦ | = |
| ૧૨ | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | ૫,૨૮,૦૩,૬૯૦ | ૨૯ |
| ૧૩ | યુનિવર્સિટી જમીન જાયદાદ | ૪૭,૭૯,૧૯૪ | ૯૩ |
| ૧૪ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિશિષ્ટ - ૩) | ૯,૧૧,૪૯૯ | ૩૫ |
| ૧૫ | ગ્રાન્ટસંબંધી ખર્ચ (પરિશિષ્ટ - ૨) | ૭,૦૮,૪૧,૬૪૫ | ૨૮ |
| ૧૬ | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિશિષ્ટ - ૪) | ૫૫,૮૩,૫૮૦ | ૯૨ |
| ૧૭ | ઈનામો શિષ્યવૃત્તિ ચંદ્રકો વગેરે | | |

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૦૩-૨૦૦૪

ખર્ચ ચાલુ.......

| | | | | | રૂ. | પૈસા |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | યુનિવર્સિટી ગ્રંથાલય ખર્ચ (પરિશિષ્ટ-૫) | | ૪૮ | ૩૩ | ૮૮૬ | ૮૭ |
| ૧૯ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન ખર્ચ (પરિશિષ્ટ-૧૩) | | ૫ | ૨૨ | ૫૬૯ | ૨૫ |
| ૨૦ | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર ખર્ચ (પરિશિષ્ટ-૧૪) | | ૪૧ | ૩૩ | ૦૩૨ | ૪૮ |
| ૨૧ | ઓરિએન્ટેશન તાલીમ સેન્ટર ખર્ચ (પરિશિષ્ટ-૧૫) | | ૫ | ૨૦ | ૩૨૯ | ૭૫ |
| ૨૨ | ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન (પરિશિષ્ટ-૧૬) | | ૩ | ૦૮ | ૨૧૧ | ૭૫ |
| ૨૩ | આઈ. એ. એસ. તાલીમ વર્ગનું ખર્ચ | | ૩ | ૪૬ | ૫૧૭ | ૭૫ |
| ૨૪ | પેન્શન / ગ્રેચ્યુઈટી / રજાનું રોકડમાં રૂપાંતર વગેરે | | ૬૬ | ૨૬ | ૪૧૭ | : |
| ૨૫ | જનશિક્ષણ સંસ્થાનનો ખર્ચ | | ૫ | ૬૬ | ૩૩૮ | : |
| ૨૬ | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | | ૧ | ૬૨ | ૭૬૩ | . |
| ૨૭ | એસ. ટી. એસ. સી. સેલ | | ૫ | ૧૨ | ૮૧૫ | ૯૮ |
| ૨૮ | ડી. એસ. આર. સી. નું ખર્ચ | | ૬૦ | ૬૯ | ૮૪૮ | ૩૮ |
| ૨૯ | ભૂકંપ અંગે મકાન રિપેરીંગ ખર્ચ | | ૭૭ | ૯૭ | ૨૧૬ | : |
| | કુલ ખર્ચ રૂ. | ૨૧ | ૮૧ | ૯૯ | ૩૪૮ | ૨૫ |
| | ખર્ચ કરતાં આવકનો વધારો | | | | | |
| | કુલ રૂ. | ૨૧ | ૮૧ | ૯૯ | ૩૪૮ | ૨૫ |